RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 147* Date: 26.03.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### અમેરિકામાં એક જ દિવસમાં ૧૦,૦૦૦ હજાર નોંધાયા, ૬૦૦થી વધુના મોત

# કોરોનાનો અમેરિકામાં હાહાકાર: ભારતમાં આર્મી સ્ટેન્ડ ટુ

*ન્યુ દિલ્હી,તા.૨૫*

આખી દુનિયાને મુશ્કેલીમાં મૂકનાર ભયાનક કોરોના વાઇરસ-કોવિડ૧૯ની સામે ઝઝુમી રહેલા ભારતે જો વહીવટીતંત્ર પહોંચી ન વળે તો આર્મીની મદદ લેવાની તૈયારી રાખી હોવાના અહેવાલ વચ્ચે અમેરિકામાં એક જ દિવસમાં કોરોનાના ૧૦ હજાર પોઝીટીવ કેસો બહાર આવતાં હાહાકાર મચી ગયો છે. અમેરિકાએ પણ કોરોનાનો સામનો કરવા પોતાની આર્મીની મદદ લીધી છે. ભારતે પણ જરૂર પડે તો આર્મીને કેટલીક કામગીરી સોંપવાની વિચારણા વચ્ચે સીડીએસ બિપીન રાવત દ્વારા એવું સૂચક નિવેદન આવ્યું છે કે કોરોનાનો સામનો કરવા આર્મી સુસજ્જ છે.

જીવલેણ કોરોના વાઇરસથી લોકોને બચાવવા મોદી સરકાર દ્વારા ૧૩૦ કરોડની વસ્તી ધરાવતાં ભારતમાં દુનિયાના સૌથી મોટા ૨૧ દિવસના લોકડાઉનનો પ્રારંભ થઇ ગયો છે. ૧૪ એપ્રિલ સુધી ચાલનારા આ લોકડાઉનનો આજે પહેલો દિવસ હતો. આજે પોઝીટીવ કેસોની સખ્યા વધીને ૫૮૮ પર પહોંચી છે. વધુ એક મોત સાથે કોરોનાથી મરનારાઓની સંક્યા ૧૧ પર પહોંચી છે. સૈથી વધારે કેસો મહારાષ્ટ્રમાં ૧૦૦ કરતાં વધારે નોંધાયા છે. રોગથી બચાવવા લોકોને એકબીજાથી દૂર રાખવા માટેનો લોકડાઉન કર્ફયુ સમાન જ છે એમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઇકાલે રાત્રે કરેલા રાષ્ટ્રજોગ સંબોધનમાં વારંવાર કહેવા છતાં હજુ જે લોકો તેનો ભંગ કરીને બિનજરૂરી રીતે ઘરની બહાર નિકળે છે તેમની સામે કડકાઈથી કામ લેવા પોલીસને સુચના આપતાં ઘણાં સ્થળોએ ડંડાવાળીના બનાવો બન્યા છે. કોરોનાના ચક્રને તોડવા માટે ૨૧ દિવસ સુધી સામાજિક દૂરી અનિવાર્ય હોવાથી તેનું પૂરેપૂરુ પાલન કરવા સરકાર અને સેલેબ્રિટી સહિત સૌ લોકોની અપીલને માન આપીને પોતાના જીવનને બચાવવા માટે પણ લોકો લોકડાઉનનો પોતાની જાતે જ અમલ કરીને બીજાને પણ બચાવે તેવી એક સર્વસામાન્ય અને સર્વવ્યાપી લાગણી પ્રવર્તી રહી છે. તેલંગાણા સરકારે, જો લોકો લોકડાઉનનો ભંગ કરશે તો દેખો ત્યાં ઠારના હુકમો આપવાની ચીમકી આપી છે. તેને પણ જનહિતમાં લોકો દ્વારા આજની ઘડીએ સમયનો તકાજો સમજીને સમર્થન મળી રહ્યું છે. કોરોના સામે લડવા જરૂર પડે તો ભારતની સેના પણ સુસજ્જ હોવાની ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અને પૂર્વ સેના અધ્યક્ષ જનરલ બિપીન રાવતની જાહેરાતને સૂચક માનવામાં આવી રહી છે. બની શકે કે જો વહીવટી તંત્ર પહોંચી ન વળે તો સેના મોરચો સંભાળી શકે. અમેરિકામાં એવું બન્યું છે. તો બીજી તરફ જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવવામાં લોકોને મુશ્કેલી પડી રહી હોવાના પણ અહવાલો છે.

આખી દુનિયાને પોતાના ભરડામાં લેનાર ચીનના કોરોના વાઇરસથી ભારત પણ બાકાત રહ્યું નથી. અને કેન્દ્ર સરકારે રાજ્યોના સહકારથી તેનો સામનો કરવા કમર કસી છે.જનતા કરફ્યુ બાદ હવે ૨૧ દિવસ સુધી લોકોને એકબીજાના સંપર્કથી દૂર રાખવા આરોગ્ય નિષ્ણાતોની સલાહથી સરકારે ૨૧ દિવસનો સોકડાઉન અમલમાં મૂક્યો છે. આમ તો સરકારની જાહેરાતના પગલે જ ગઇકાલે રાતથી જ લોકો ફફડાટમાં આવીને જરૂરી ચીજ વસ્તી ખરીદી માટે પડાપડી કરી હતી. જો કે સરકારો અને સ્થાનિક સ્તરેથી લોકોને જરૂરી સામાન મળશે તેવી ખાતરી આપતાં કંઇક રાહત મળી છે.

દેશના ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ કોરોના સંક્રમણના સંકજામાં આવી ગયા છે. કોરોનાગ્રસ્તોની સંખ્યા આજે બુધવારે સવાર સુધી ૫૮૯ થઈ ગઈ છે, અને અત્યાર સુધી ૧૧ લોકો તેના શિકાર બન્યા છે. તમિલનાડુના મદુરૈમાં સવારે ૫૪ વર્ષીય સંક્રમિત દર્દીનું સારવાર દરમિયાન મોત થયું છે. કોરોનાના સૌથી વધારે ૧૧૨ કેસ મહારાષ્ટ્રમાં છે, જ્યારે કેરળ ૧૦૯ કેસ સાથે બીજા નંબરે છે. તેલંગાણાના મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવે ચેતવણી ફતાં કહ્યું છે કે "લોકો લોકડાઉનનું ઉલ્લંઘન ન કરે. અમેરિકામાં તેના અમલ માટે સેના બોલાવવી પડી હતી. જો આપણા અહીંયા સ્થિતિ નિયંત્રણમાં નહીં આવે તો ગોળી મારવાના આદેશ આપવા માટે મજબૂર થવું પડશે."

કોરોનાના સંક્રમણના કારણે છેલ્લાં ૧૫ દિવસમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. બુધવારે સવારે મદુરૈમાં ૫૪ વર્ષીય કોરોના સંક્રમિત દર્દીનું મોત થઈ ગયું છે. તમિલાનડુના સ્વાસ્થ્ય મંત્રી સી વિજય ભાસ્કરે કહ્યું કે, દર્દીને લાબાં સમયથી ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની સમસ્યા હતી

રાજસ્થાનમાં ચાર નવા કેસ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. જેમાંથી બે વ્યક્તિ ભીલવાડાના મેડિકલ સ્ટાફના છે. હવે રાજ્યમાં સંક્રમિતોનો આંકડો ૩૬એ પહોંચ્યો છે.

ડરીને ખરીદી ન કરશો, જરૂરિયાત વાળી વસ્તુઓ જ લેશો, એવી અપીલ સાથે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, કોરોનાને હરાવવા માટે આપણે બધાએ ઘરે રહેવું જોઈએ. ગભરાવાની જરૂર નથી. વડાપ્રધાન મોદીના ભાષણ બાદ મંગળવારે લોકોએ જરૂરી ચીજો ખરીદવા માટે દુકાનો પર ભીડ જમાવી હતી. હું ફરી લોકોને અપીલ કરીશ કે તે ગભરાઈને ખરીદી ન કરે. હું લોકો આશ્વાસન આપું છું કે એવી વસ્તુઓમાં કોઈ ઘટાડો નહીં થાય. જરૂરી સેવાઓ આપનારા લોકો પાસે આઈ કાર્ડ નથી સરકાર તેમને આપશે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી કાર્યાલયે કહ્યું કે,લોકડાઉનમાં રાજ્યમાં તમામ જરૂરી સામાનની દુકાનો સવારે ૭ થી ૧૦ વાગ્યા સુધી ખુલી રહેશે. તો છત્તીસગઢમાં સરકારે તમામ ગરીબ પરિવારે એપ્રિલ અને મે મહિનામાં સાર્વજનિક વિતરણ પ્રણાલી (રેશન)હેઠળ મફત ચોખા આપવાની જાહેરાત કરી છે. ઉત્તરપ્રદેશ-દિલ્હી બોર્ડર પર પોલીસની બેરકેડિંગ ચાલું છે. પોલીસ માત્ર જરૂરી સામાન વાળી ગાડીઓને જવાની મંજૂરી આપી રહી છે.

મહારાષ્ટ્રમાં સાંગલીમાં એક જ પરિવારના ૫ વ્યક્તિઓ કોરોના સંક્રમણનો ભોગ બન્યાં. આ સાથે મહારાષ્ટ્રમાં કોરોના પોઝિટિવની સંખ્યા ૧૧૨ પર પહોંચી. ગઈ છે.મધ્યપ્રદેશના ઈન્દોરમાં ૬ લોકોના કોરોનાથી પોઝિટિવ મળી આવ્યા છે, જેમાંથી પાંચ લોકો ઈન્દોરના અને એક ઉજ્જૈનનો રહેવાસી છે. ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને રાજ્ય અને જિલ્લા સ્તરે ૨૪ કલાક કામ કરવા વાળો કંટ્રોલ રૂમ બનાવવા માટે કહ્યું છે.

નોંધનીય છે કે દુનિયાના ૧૯૫ દેશોમાં વાયરસ ફેલાયો છે. જેમાં ૧૮,૯૦૫ લોકોનાં મોત થઈ ચૂકયા છે. અત્યારસુદીમાં ૪ .૨૨ લાખ લોકો કોરોના પોઝિટીવ છે. જેમાંથી ૧.૨૯ લાખ લોકો સ્વસ્થ થયા છે.

સૌથી ઝડપી કોરોના અમેરિકામાં વધી રહ્યો છે. અમેરિકામાં કોરોના વાઈરસનું સંક્રમણ ખૂબજ ઝડપી ગતિએ વધુ રહ્યું છે. દેશમાં પ્રથમ કેસ ૨૧ જાન્યુઆરીએ સામે આવ્યો હતો અને અત્યાર સુધીમાં ૭૮૨ લોકોના મોત થયા છે અને કુલ ૫૪૮૬૭ કેસ પોઝિટિવ છે. સીએનએનના રિપોર્ટ મુજબ ૪ માર્ચથી સંક્રમણના કેસ ૨૩% ના દરે વધ્યા છે. ૧૮થી ૧૯ માર્ચ સુધી અમેરિકામાં સંક્રમણના કેસમાં એક દિવસમાં ૫૧ ટકાની વૃદ્ધી થઈ છે.

---

### મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧૧૨

## કોરોના વાયરસના કારણે દેશમાં ૧૧મું મોત: કુલ કેસ ૫૯૩

ન્યુ દિલ્હી,તા.૨૫



દેશના ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ કોરોના સંક્રમણના સંકજામાં આવી ગયા છે. સંક્રમિતોની સંખ્યા બુધવારે સવાર સુધી ૫૯૪ થઈ ગઈ છે, અને અત્યાર સુધી ૧૧ લોકોના જીવ ગયા છે. ૪૬ લોકો સાજા પણ થયા છે. તમિલનાડુના મદુરૈમાં સવારે ૫૪ વર્ષીય સંક્રમિત દર્દીનું સારવાર દરમિયાન મોત થયું છે. કોરોનાના સૌથી વધારે ૧૦૭ કેસ મહારાષ્ટ્રમાં છે, જ્યારે કેરળ ૧૦૫ કેસ સાથે બીજા નંબરે છે. મંગળવારે અડધી રાતે આગામી ૨૧ દિવસો માટે તમામ રાજ્યોમાં લોકડાઉન કરવાની વડાપ્રધાન મોદીએ જાહેરાત કરી હતી. મહારાષ્ટ્રમાં પણ કોરોના વાયરસ પોજિટિવ કેસોની સંખ્યા વધીને ૧૧૨ થઇ ગઇ છે. ત્રણ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

કોરોનાના સંક્રમણના કારણે ૧૫ દિવસમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. બુધવારે સવારે મદુરૈમાં ૫૪ વર્ષીય કોરોના સંક્રમિત દર્દીનું મોત થઈ ગયું છે. તમિલાનડુના સ્વાસ્થ્ય મંત્રી સી વિજય ભાસ્કરે કહ્યું કે, દર્દીને લાબાં સમયથી ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની સમસ્યા હતી.

આજથી દેશમાં લાગુ થયેલા ૨૧ દિવસના લોકડાઉન વચ્ચે આખા દેશમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ થકી તમામ અવર જવર પર રોક લગાવાઈ છે.

મહારાષ્ટ્રમાં સાંગલીમાં એક જ પરિવારના પાંચ સભ્યોને કોરોના થયો છે. ગુજરાતમાં દર્દીઓની સંખ્યા વધીને ૩૮ થઈ છે. ગુજરાતમાં નવા ત્રણ કેસ ગઈકાલે સામે આવ્યા હતા.

---

### વડાપ્રધાન મોદીનું ટ્વિટ

## આ વખતની નવરાત્રિમાં કોરોના વિરુદ્ધ જંગ લડતા યોદ્ધાઓ માટે પ્રાર્થના કરીશ

ન્યુ દિલ્હી,તા.૨૫

વડાપ્રધાન મોદીએ ગત રોજ કરેલી લોકડાઉનની જાહેરાતનો આજે પ્રથમ દિવસ છે. આ જાહેરાત પ્રમાણે દેશમાં ૨૧ દિવસ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આજથી શરૂ થતાં ચૈત્રી નવરાત્રિના પ્રથમ દિવસે વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને અપીલ કરતા એક ટ્વીટ કર્યું છે.

વડાપ્રધાન મોદીએ પોતાના ટ્વીટમાં જણાવ્યું છે કે, હું નવરાત્રિ દરમિયન કોરોના વાયરસ સામે જંગ લડી રહેલા લોકો માટે પ્રાર્થના કરીશ. તેમણે મેડિકલ સ્ટાફ, પોલીસ, મીડિયા જેવા સ્ટાફનું નામ લીધુ હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આપણે ત્યાં હાલના દિવસોમાં સામાન્ય રીતે તહેવાર ઉજવાતા હોય છે. જો કે, આ વખતે આપણે અગાઉની માફક તેને ઉજવી શકીશું નહીં, પણ આપણને આ સંકટની ઘડીમાં નિકળવાની શક્તિ જરૂર આપશે.

વડાપ્રધાન મોદીએ પોતાના ટ્વીટમાં જણાવ્યું છે કે, આજથી નવરાત્રિ શરૂ થઈ રહી છે. વર્ષોથી માની આરાધના કરતો આવ્યો છું, જો કે, આ વખતે હું સાધનામાં માનવતાની ઉપાસના કરનારા તમામ નર્સ, ડોક્ટર, મેડિકલ સ્ટાફ, પોલીસકર્મી અને મીડિયાકર્મી જે કોરોના વિરુદ્ધની લડાઈમાં જોડાયેલા છે. જે ઉત્તમ સ્વાસ્થ્ય, સુરક્ષા અને સિદ્ધીને સમર્પિત કરે છે.

---

### ઈટાલીમાં બીજા વિશ્વયુદ્ધ કરતા પણ ભયંકર સ્થિતિ

## કોરોના વાયરસ: ઈટલીમાં એક જ દિવસમાં રેકોર્ડબ્રેક ૭૪૦થી વધુ લોકોના મોત

રોમ,તા.૨૫

કોરોના વાયરસે ઈટાલીમાં કોહરામ મચાવ્યો છે. ચીન કરતા પણ વધારે કોરોના વાયરસનો માર સહન કરી રહેલા ઈટાલીમાં રોજે રોજ મૃતાંક પોતાનો જ રેકોર્ડ તોડી રહ્યો છે. ગઈ કાલે મંગળવારે વધુ ૭૪૩ લોકોના મોત નિપજ્યા હતાં. આ અગાઉ શનિવારે પણ ઈટાલીમાં મૃતાંક ૭૯૩ હતો. આ સાથે જ ઈટાલીમાં કુલ મૃતાંકની સંખ્યા આખી દુનિયામાં સૌથી વધારે છે.ચીનના વુહાનથી ફેલાયેલા આ વાઈરસે સૌથી મોટી ખૂવારી ઈટાલીમાં મચાવી છે. અહીં ૬૮૨૦ લોકોએ કોરોના વાઈરસના કારણે જીવ ગુમાવ્યા છે. જ્યારે ચીનમાં ૩૨૮૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. વિશ્વભરમાં કોરોના વાઈરસના ૪ લાખ ૨૩ હજાર કેસ નોંધાઈ ચૂક્યા છે, જેમાંથી ૧૮ હજાર ૯૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. વાઈરસ સંક્રમિત એક લાખ નવ હજાર લોકો સારવાર બાદ સારા થઈ ગયા છે.

ઈટાલીના નાગરિક સુરક્ષા પ્રમુખ એંજલો બોરેલીએ મંગળવારે જણાવ્યું હતું કે, દેશમાં ૨૪ કલાકમાં ૭૪૩ લોકોના મોત થયા છે. સાથે ૫૨૪૯ નવા કેસ સામે આવતા કુલ પોઝિટિવ કેસની સંખ્યા દેશમાં ૬૯૧૭૬ થઈ ગઈ છે. જ્યારે મૃત્યુઆંક સાત હજારની નજીક ૬૮૨૦ થઈ ગયો છે. બીજી તરફ કોરોના વાઈરસથી મૃત્યુઆંકની દ્રષ્ટિએ સ્પેન ત્રીજા નંબરે આવી ગયો છે. અહીં આ વાઈરસથી કુલ ૨૯૯૧ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કોરોના વાયરસના કારણે સ્થિતિ એ હદે વણસી છે કે, ઈટાલીમાં અંતિમ સંસ્કાર પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે, જેથી અનેક પરિવારજનો પોતાના નજીકનાઓને અંતિમ ગુડ બાય પણ નથી કરી શકતા. મરનારાઓની સંખ્યા એટલી બધી વધારે છે કે, લાશો અન્ય શહેરોમાં દફનાવવામાં આવી રહી છે. આ ભયાનક જનારો ઈટાલીને બીજા વિશ્વયુદ્ધની યાદ અપાવી રહ્યો છે.

---

### ગૃહમંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ કહ્યું

## લોકડાઉનને લીધે એનપીઆર અને વસતિ ગણતરીનું કામ સ્થગિત

ન્યુ દિલ્હી,તા.૨૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાઈરસના ચેપને રોકવા માટે ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યું હતું. જેથી નેશનલ પોપ્યુલેશન રજિસ્ટરનું કામ અને સેન્સસ, ૨૦૨૧ની વસતિ ગણતરીનું કાર્ય નિયત સમયે શરૂ નહીં થાય, એમ અધિકારીઓએ આ માહિતી આપી હતી. આ બંને કાર્ય એક એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન થવાનું હતું. ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે વર્તમાન સ્થિતિને જોતાં એનપીઆર અને વસતિ ગણતરીનું કાર્ય આગામી આદેશ સુધી અટકાવવામાં આવ્યું છે.વડા પ્રધાન મોદીએ ગઈ કાલે સંપૂર્ણ લોકડાઉન કરતાં રોડ, રેલવે અને હવાઈ સર્વિસ બંધ કરી દીધી હતી.

કોરોના વાઈરસના જોખમ વચ્ચે વડા પ્રધાને એક સપ્તાહથી પણ ઓછી સમયમાં બીજી વાર રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. તેમણે કોરોના વાઈરસના સંક્રમણથી મુકાબલો કરવા માટે અને આરોગ્ય સેવાઓ માટે રૂ. ૧૫,૦૦૦ કરોડની કેન્દ્રીય ફાળવણીની જાહેંરાત પણ કરી હતી. જોકે આ ચેપગ્રસ્ત બીમારી વધુ ના પ્રસરે એટલા માટે કેટલાંય રાજ્યોએ અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ પહેલેથી જ રેલવે, રસ્તા અને હવાઈ સેવાઓને બંધ કરી દીધી હતી. જોકે આવશ્યક માલસામાન લાવવા-લઈ જવાનું ચાલુ રખાશે.

---

### ઈટાલી પછી અમેરિકા મહામારીનું કેન્દ્ર બની શકે છે: WHOની ચેતવણી

## વિશ્વભરમાં કોરોનાથી ૧૮,૯૦૦થી વધુનાં મોત

વોશિંગ્ટન/રોમ,તા.૨૫



કોરોના વાઈરસે વિશ્વના મોટાભાગના દેશોને પોતાના ભરડામાં લઈ લીધા છે. આ લખાઈ રહ્યું છે ત્યારે વિશ્વભરમાં કોરોના વાઈરસના ૪ લાખ ૨૩ હજાર કેસ નોંધાઈ ચૂક્યા છે, જેમાંથી ૧૮ હજાર ૯૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. વાઈરસ સંક્રમિત એક લાખ નવ હજાર લોકો સારવાર બાદ સારા થઈ ગયા છે. ચીનના વુહાનથી ફેલાયેલા આ વાઈરસે સૌથી મોટી ખૂવારી ઈટાલીમાં મચાવી છે. અહીં ૬૮૨૦ લોકોએ કોરોના વાઈરસના કારણે જીવ ગુમાવ્યા છે. જ્યારે ચીનમાં ૩૨૮૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચેતવણી આપતા કહ્યું છે કે અમેરિકા ઈટાલીની જેમ મહામારીનું કેન્દ્ર બની શકે છે.

સ્પેનમાં પણ એક જ દિવસમાં અંદાજે ૫૦૦ જેટલાં મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૮૦૦ થઈ ગયો છે. બીજીબાજુ અમેરિકામાં પણ કોરોનાનો ભરડો વધાર્યો છે, જ્યાં એક જ દિવસમાં ૫૮૦૦થી વધુ નવા કેસો સાથે લગભગ ૪૪૦૦૦ કેસ નોંધાયા છે. અહીં કુલ મૃત્યુઆંક ૭૦૦ થયો છે.ચીનમાં સૌપ્રથમ વખત ક્રૂરતા દેખાયા પછી કોરોના વાયરસ લગભગ ત્રણથી ચાર મહિનાના સમયમાં વિશ્વના ૧૭૫થી વધુ દેશોમાં પ્રસરી ગયો છે. આ સમયમાં વિશ્વમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૧૮,૯૦૦ થઈ ગયો છે જ્યારે ૪.૨૩ લાખ કેસ નોંધાયા છે. વિશ્વમાં એક જ દિવસમાં કોરોનાન ૨૩,૦૦૦ નવા કેસ નોંધાયા છે જ્યારે ૧,૦૦૦થી વધુ લોકોના મોત થયા છે. ચીનની બહાર કોરોનાની સૌથી ગંભીર અસર યુરોપમાં ઈટાલી, સ્પેન, જર્મની જ્યારે મધ્ય-પૂર્વમાં ઈરાન પર જોવા મળી છે. ઈટાલીમાં છેલ્લા કેટલાક દિવસથી સતત એક જ દિવસમાં ૫૦૦થી વધુ લોકોનાં મોત નીપજી રહ્યાં છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના અંગે લોકોમાં જાગૃતિ કેટલી.....? દાતાઓ જાગે કોરોના રોકવા દાન કરે...

વિશ્વભરમાં નોવેલ કોરોનાની મહામારી ને કારણે ૨,૭૮,૦૦૦ લોકો તેની ઝપટમાં આવી ગયા છે. અને ૧૬૫૦૬ ના મૃત્યુ થયા છે. જ્યારે ઈટલીની હાલત સૌથી ખરાબ છે તેની વસ્તી આપણા ગુજરાત જેટલી જ છે. અહી મૃતકોને ઉપાડનારા નથી રહ્યા તેથી સ્થાનિક તંત્રએ તેનો નિકાલ કરવો પડે છે... અહીં ૬૦૭૯ લોકોના મોત થયા છે. આરોગ્યમાં તંત્રમાં અનેક લોકો ભોગ બનતા મેડિકલ સારવાર માં તકલીફ ઉભી થઈ છે. નવા દર્દીઓ માટે હોસ્પિટલોમાં જગ્યા જ નથી રહી.... અહીના વડાપ્રધાન ગુડ સેપ પોતાના દેશની પ્રજાને મરતી જોઈને રડી પડ્યા હતા.એક દેશનો વડાપ્રધાન હોવા છતાં પોતાની મૃત્યુ પામતી પ્રજા માટે કંઈ જ કરી શકતો નથી. આ છે માનવીની વિવશતા.... પોતાના દેશના ૬,૦૭૯ પ્રજાના મોતથી પોતે હતપ્રભ થઈ જતા પોતાના સંબોધનમાં રડતાં રડતાં કહ્યું કે આપણા દેશને આ મહામારીમાંથી બચાવવા બનતા બધા પ્રયત્નો કર્યા પરંતુ..... હવે તો ×ભગવાન જ બચાવે×. ઈટલીમાં અત્યારના સંજોગોમાં ૫૯૨૩૮ લોકોના કોરોનાગ્રસ્ત છે. દરમ્યાન યુએસએમાં ૧૪૭૮૦ નવા કેસ નોંધાયા છે. કુલ આંકડો ૩૮૯૮૭ પર પહોંચ્યો છે. ત્યારે આજની તારીખે ૯૮ લોકોના મોત થયા છે. અહીં પરિસ્થિતિ વિકટ બનવા તરફ જઈ રહી છે. સ્પેનમાં તો તંત્ર પડી જ ભાગ્યુ છે.. આજનો મૃતાક ૩૯૫ છે અને ૨૯૧૩૦ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે. ભારતમાં કોરોના આકરી ગતિથી આગળ વધી રહ્યો છે....! દેશભરમાં ૫૧૧ કેસ નોંધાયા છે આજની તારીખમાં નવા ૨૫ કેસ નોંધાયા છે અને અત્યાર સુધીમાં ૧૦ ના મૃત્યુ થયા છે. અત્યારે દેશમા કુલ ૧૯૭ અને દેશબહારના ૪૭૫ ભારતીયોને કોરાનાનો ચેપ લાગ્યો છે.જેમા લોકલ લેવલે ચેપની શરૂઆત થઈ છે જે ગંભીર બાબત છે....! પંજાબમાં ૧ નુ બંગાળમા ૧ નું મોત થયું છે. મહારાષ્ટ્રમા કોરોનાની ફેલાવવાની ઝડપ વધુ છે.., અત્યાર સુધીમાં ૧૦૭ કેસ નોંધાયા છે. મુંબઈમાં ૩ ના મૃત્યુ થતાં લોકોમાં ગભરાહટ વધુ છે.. રાજસ્થાનમાં ૩૩, તેલંગાણામાં ૩૨, ઉત્તર પ્રદેશમાં ૩૩, કર્ણાટકમાં ૩૭, પંજાબમાં ૨૨,દિલ્હીમાં ૩૧ અને ગુજરાતમાં ૩૦ કેસ પોઝિટિવ નોંધાયા છે. ગુજરાતમાં ત્રીજા સ્ટેજમાં પહોચવાની શક્યતા છે. દેશના મોટાભાગના રાજ્યોમાં લોકઆઉટ જાહેર કરવામાં આવ્યો છે. જ્યારે દિલ્હી, મહારાષ્ટ્ર, પંજાબમાં કર્ફ્યૂ લગાવી દીધો છે મતલબ કોરાના વધુ ભયાનક રૂપ ધારણ કરી શકે તેવી દહેશત છે......!!દેશમાં કેન્દ્ર સરકારે એક દિવસનો કરફયુ જાહેર કરીને સમગ્ર દેશની પ્રજાને મહામારી સામે તૈયાર કરવાનો વ્યૂહ અપનાવ્યો હતો. પરંતુ અને એવા મુરખ લોકો છે કે જાણે આપણને કશું થવાનું જ નથી.... પરંતુ તે બહાર નીકળતી વ્યક્તિ પોતાના પરિવારને માટે અને આજુબાજુના તમામ લોકો માટે ઝેરી બોમ્બ બની જાય છે... તે વાત તે સમજતો નથી જે દુઃખદ બાબત છે....! તે સાથે લોકો એ વાત પણ સમજવી અતિ જરૂરી અને ગંભીર છે કે જ્યારે સમગ્ર દુનિયા કોરોના જેવી મહામારીમા ફસાઈ ગઈ છે ત્યારે તમામ ધર્મના તમામ દરવાજા મદદ માટે બંધ રહ્યાં છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૬/૦૩/૨૦૨૦, ગુરુવાર, ચૈત્ર સુદ-૨
સૂર્યોદય-૬-૪૭, સૂર્યાસ્ત-૬-૫૮, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ અશ્વિની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૪૬થી શુભ-૮-૧૮ સુધી,૧૧-૨૧ થી ચલ-લાભ-અમૃત-૧૫-૫૬ સુધી, ૧૭-૨૮થી શુભ-અમૃત-ચલ-૨૧-૫૬ સુધી

- શુભ હોરા-
૬-૪૬ થી ૭-૪૮ સુધી, ૯-૫૦ થી ૧૨-૫૩ સુધી, ૧૩-૫૪ થી ૧૪-૫૫ સુધી, ૧૬-૫૭થી ૧૯-૫૮ સુધી

## દૈનિક રાશીફળ

તા. ૨૬-૦૩-૨૦૨૦ ગુરુવાર

**મેષ(અ.લ.ઈ.) :-** ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે.

**વૃષભ(બ.વ.ઉ.) :-** આવક-ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**મિથુન(ક.છ.ઘ.) :-** તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. વેપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક(ડ.હ.) :-** મિત્ર સહયોગ નહીં કરે. વેપાર-વ્યવસાય મધ્યમ રહેશે. વધુ ખર્ચ ન કરવો. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**સિંહ(મ.ટ.) :-** પ્રિય વ્યક્તિથી ભેટ થશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. ધર્મ તરફ ઝોક રહેશે.

**કન્યા(પ.ઠ.ણ.) :-** મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ.

**તુલા(ર.ત.) :-** વિવાદ, કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેત રહેવું, ખાનપાનનું ધ્યાન રાખવું. વ્યાપારમાં મુશ્કેલીનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ.

**વૃશ્ચિક(ન.ય.) :-** પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ. ભાગીદારી પર ગહન શોધનો યોગ.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :-** આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન વગેરેનો યોગ. કુટુંબમાં માંગલિક કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ.

**મકર(ખ.જ.) :-** માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ.

**કુંભ(ગ.શ.સ.) :-** માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ.

**મીન(દ.ચ.ઝ.) :-** ગૂઢ આર્થિક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ, ગૂઢ શોધનો યોગ. અવિવાહિતો માટે વિવાહ સંબંધી યોગ.

# વૈજ્ઞાનિકોના મતે દેશમાં મધ્ય મે મહિના સુધી કોરોનાના ૧૩ લાખ પોઝિટિવ કેસ થઈ શકે..!!

ન્યુ દિલ્હી,તા.૨૫

કોરોના વાયરસને કારણે આખું વિશ્વ પરેશાન છે. વડાપ્રધાન મોદીએ ૨૪મીએ રાત્રે આઠ વાગ્યે દેશને સંબોધન કરતા દેશમાં ૨૧ દિવસ સુધી લૉકડાઉનની જાહેરાત કરી દીધી છે. કોરોનાને ફેલાતો અટકાવવા માટે અને તેની સાઈકલને તોડવા માટે આવું પગલું ઉઠાવવામાં આવ્યું છે. જ્યારે બીજી તરફ વૈજ્ઞાનિકોની એક ટીમે ભારત માટે ચેતવણી ઉચ્ચારી છે. તેમના મતે ભારતમાં જો આવી જ રીતે કોરોના ફેલાતો રહેશો તો મે મહિનાના મધ્ય સુધીમાં દેશમાં કોરોનાના ૧૩ લાખ દર્દીઓ હશે. જોકે, અહીં એ નોંધવું રહ્યું કે અન્ય દેશોની સરખામણીમાં કોરોનાને ફેલાતો અટકાવવા માટે ભારત ખૂબ સફળ રહ્યું છે.

કોવિડ-૧૯ સ્ટડી ગ્રુપના જણાવ્યા પ્રમાણે ×કોરોના વાયરસની કોઈ પણ માન્ય રસી ન હોવાને કારણે જ્યારે તે બીજી અને ત્રીજા તબક્કામાં પ્રવેશ કરશે ત્યારે વિનાશ વેરશે. કારણ કે ભારતની હેલ્થકેર સિસ્ટમ પર પહેલાથી જ વધારે પડતો ભાર છે.

અમેરિકા અને ઈટાલીના દાખલા લેવામાં આવે તો અહીં કોવિડ-૧૯ ધીમે ધીમે પ્રસરવાની શરૂઆત થઈ હતી, પરંતુ બાદમાં અચાનક જ પોઝિટિવ કેસોની સંખ્યા ખૂબ વધી ગઈ હતી. ગ્રુપના કહેવા પ્રમાણે હાલમાં કોરોનાના ફેલાવા અંગે જે અંદાજ લગાવવામાં આવી રહ્યો છે તે શરૂઆતના તબક્કાના ડેટા અને ઓછા ટેસ્ટિંગ પરથી લગાવવામાં આવી રહ્યો છે.

માર્ચ ૧૯ સુધી ભારતમાં કોરોના વાયરસના ફેલાવાની જે પેટર્ન રહી છે તે અમેરિકામાં પ્રથમ ૧૩ દિવસ દરમિયાન જોવા મળેલી પેટર્ન જેવી જ છે. આવી જ પેટર્ન ઈટાલીમાં વૈશ્વિક મહામારીના પ્રથમ ૧૧ દિવસમાં જોવા મળી હતી.વૈજ્ઞાનિકોની કહેવું છે કે, ભારતની હેલ્થકેર સિસ્ટમ ખૂબ જ બોજ હેઠળ છે, તેમાં સામાન્ય દર્દીને સારવાર આપવાનું પણ મુશ્કેલ બનતું હોય છે. ભારતમાં દર ૧૦૦૦ લોકોએ હૉસ્પિટલ બેડની સંખ્યા ફક્ત ૦.૭ છે. ફ્રાંસમાં આ સંખ્યા ૬.૫, દક્ષિણ કોરિયામાં ૧૧.૫, ચીનમાં ૪.૨, ઈટાલીમાં ૩.૪, યૂકેમાં ૨.૯, અમેરિકામાં ૨.૮ અને ઈરાનમાં ૧.૫ છે. એટલે કે આ મામલે આપણી હાલત ઈરાન કરતા પણ ખરાબ છે.

નોંધનીય છે કે ૨૪મી તારીખે દેશના વડાપ્રધાન મોદીએ દેશને સંબોધન કરતા જણાવ્યું હતું કે આપણે ૨૧ દિવસના લૉકડાઉનનું ચુસ્ત રીતે પાલન કરવું જરૂરી છે. જો આવું નહીં થાય તે દેશ ૨૧ વર્ષ માટે પાછળ ચાલ્યો જશે. જેનાથી અનેક પરિવારો બરબાદ થઈ જશે.

# ઈરાનથી ભારત આવ્યા ૨૭૭ ભારતીય, ૧૪ દિવસ આઈસોલેશન સેન્ટરમાં રહેવું પડશે

જોધપુર,તા.૨૫

હાલ સમગ્ર દેશમાં કોરોના વાયરસનો કહેર વર્તાઈ રહ્યો છે. આ તરફ વડાપ્રધાન મોદીએ પણ ગત રોજ દેશમાં ૨૧ દિવસનું લોકાડાઉન જાહેર કર્યું છે. ત્યારે લોકોમાં પણ કોઈ પણ પ્રકારનો ડર ન ફેલાઈ અને આ વાયરસથી કઈ રીતે બચી શકાય તે માટે કેન્દ્ર અને રાજ્યો સરકાર પણ સતત પ્રયત્નશીલ છે. જો કે, આ તમામ ખબરની વચ્ચે એક ખબર આવી રહી છે કે, ઈરાનમાંથી ભારતીય નાગરિકોનો એક જથ્થો ખાસ વિમાન મારફતે જોધપુર આવ્યા છે.

આ અગાઉ પણ ૧૫ માર્ચના રોજ ઈરાનમાં ૨૩૪ ભારતીયોનો જથ્થો આવ્યો હતો. વિદેશ મંત્રી એસ જયશંકરે જણાવ્યું હતું કે, ઈરાનમાં ફસાયેલા ૨૩૪ ભારતીયો પાછા આવ્યા છે. ઈરાનમાં ભારતીય રાજદૂત અને ઈરાનમાં ભારતીય હાઈકમિશનના પ્રયત્નોનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ ઈરાની અધિકારીઓનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. આ અગાઉ પણ ૨૩ ભારતીયોને એક જથ્થો ભારત આવ્યો હતો.

# કોરોનાનો ડરઃ મોદી કેબિનેટમાં બેઠકમાં જોવા મળ્યું ખુરશીઓ વચ્ચે અંતર

ન્યુ દિલ્હી,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવાર રાતથી સમગ્ર દેશમાં લોકડાઉનની જાહેરાત કરી હતી. આ ઉપરાંત તેમણે તમામ દેશવાસીઓને સોશિયલ ડિસ્ટેન્સિંગનું કડક પાલન કરવાનો આગ્રહ પણ વ્યક્ત કર્યો હતો. જીવલેણ કોરોનાના જોખમને ટાળવા માટે ડિસ્ટેન્સિંગ ખૂબજ મહત્વનું છે તે સાબિત કરવા બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસ સ્થાન ૭, લોકકલ્યાણ માર્ગ ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં જોવા મળ્યું. આ બેઠકમાં દેશમાં પ્રવર્તમાન કોરોના વાયરસની મહામારી સામે રહેલા પડકારો અંગે ચર્ચા કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

પીએમ મોદીના ઘરે મળેલી કેબિનેટ બેઠકમાં તમામ મંત્રીઓને વ્યક્તિગત રીતે હાજર રહેવા જણાવાયું હતું. જો કે આ બેઠકની એક તસવીર સામે આવી છે. જેમાં તમામ મંત્રીઓની ખુરશી વચ્ચે અંતર હોવાનું જણાય છે. કોવિડ-૧૯ની મહામારીનો સામનો કરી રહેલા આપણા દેશને બચાવવા માટે આપણે સલામત અંતર રાખવાનું અને સ્નેહીજનો તેમજ અન્ય લોકોને મળવાનું ટાળીએ તે જ આમાંથી ઉગરવાનો શ્રેષ્ઠ વિકલ્પ છે તેમ પીએમ મોદીએ રાષ્ટ્રજોગ બીજા સંબોધનમાં જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે આ વાત દેશના વડાપ્રધાનને પણ લાગુ પડે છે. પીએમના ઘરે મળેલી કેબિનેટ બેઠકમાં સોશિયલ ડિસ્ટેન્સિંગનું એક શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું.

### મુખ્યમંત્રી યોગીએ રામલલ્લાની વિશેષ આરતી કરી

# અયોધ્યામાં આખરે ૨૮ વર્ષો બાદ રામલલાનું તંબુમાંથી અસ્થાયી મંદિરમાં સ્થાપન થયું



અયોધ્યા,તા.૨૫

અયોધ્યામાં બુધવારે રામલલાને ચાંદીના સિંહાસન પર બિરાજમાન કરવામાં આવ્યા. નવા મંદિરમાં શિફ્ટીંગ બાદ હવે મુળ ગર્ભગૃહ પર રામ મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થશે. ભગવાન શ્રી રામલલાને જે સિંહાસન પર બિરાજમાન કરવામાં આવ્યા છે તે ચાંદીનું છે અને તેનું વજન ૯.૫ કિલોગ્રામ છે.જન્મભૂમિ પરિસરમાં રામલલા બુધવારે નવરાત્રિના પહેલા દિવસે અસ્થાઈ ફાઈબરના મંદિરમાં બિરાજમાન થઈ ગયા. છેલ્લા ૨૮ વર્ષોથી તેઓ એક તંબુમાં બિરાજમાન હતા.

રામલલાના શિફ્ટીંગ પહેલા અસ્થાયી મંદિરનું શુદ્ધિકરણ કરવામાં આવ્યું હતુ. આ સમયે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ અને અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા.

બુધાવારે સવારે બ્રહ્મ મૂર્હતમાં અંદાજે વહેલી સવારે ૪ વાગ્યે શ્રીરામજન્મભૂમિ પરિસરમાં આવેલા ગર્ભગૃહમાં રામલલાને સ્નાન અને પૂજા અર્ચના બાદ અસ્થાયી મંદિરમાં શિફ્ટ કરી દેવામાં આવ્યા. ફાઈબરના આ નવા મંદિરમાં રામલલાને બિરાજમાન કરવા માટે અયોધ્યાના રાજવી પરિવાર તરફથી ચાંદીનું સિંહાસન ભેટ આપવામાં આવ્યું છે. ૯.૫ કિલોના આ સિંહાસનને જયપુરમાં બનાવડાવવામાં આવ્યું છે.

## કોરોના મહામારીઃ કેન્દ્ર ૮૦ કરોડ લોકોને ૨ રૂ.કિલોના ભાવે ઘઉં આપશે

*ન્યુ દિલ્હી,તા.૨૫*

કોરોના વાઈરસની મહામારીના પગલે કેન્દ્ર સતત મહત્વના પગલા લઈ રહી છે. જેમાં કેબિનેટ બેઠકમાં સરકારે ૮૦ કરોડ લોકોને સસ્તું અનાજ આપવાનો નિર્ણય કર્યો છે.

કેન્દ્રીય કેબિનેટમાં નિર્ણય કરવામાં આવ્યો છે કે હવે દેશના ૮૦ કરોડ લોકોને ૨ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ઘઉં અને ૩ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ચોખા આપવામાં આવશે. કોરોના વાઈરસના કારણે આ આગામી ૩ મહિના સુધી લાગું રહેશે.

### જો સરકારની વાત નહીં માનો તો મજબૂરીમાં ગોળી પણ મારી દઈશું

# જો કોઈ રસ્તા પર દેખાશે તો ગોળી મારી દેવામાં આવશેઃ તેલંગાણા મુખ્યપ્રધાન

હૈદરાબાદ,તા.૨૫

તેલંગણાના મુખ્યમંત્રી કે.ચંન્દ્રશેર રાવે લોકડાઉનનું પાલન ન કરનારા લોકો સામે લાલ આંખ કરી છે. તેલંગણાની સરકારે આ આદેશનું પાલન ન કરનારા લોકોને અપીલ સાથે જણાવ્યું છે કે, જો સરકારની વાત નહીં માનો તો મજબૂરીમાં ગોળી મારવી પડી તો એ પણ કરીશું.



આ વાતની ગંભીરતા જાણી તેલંગણાના મુખ્યમંત્રી ચંન્દ્રશેખર રાવે જણાવ્યું હતું કે, રાજયના લોકોને હું બહાર નહીં નિકળવાની અપીલ કરુ છું. કોઈ પણ કિંમતે રોડ પર ન દેખાતા. કોઈ પણ કોઈ પણ પ્રકારની મુશ્કેલી હોય તો, ૧૦૦ નંબર પર ફોન કરો. ગાડી તમારે ઘરે આવી મદદ કરશે. રાવે લોકોના મદદને અપીલ કરી છે. સાથે જ તેમણે કહ્યું હતું કે, જો લોકો આ વાતને ગંભીરતાથી નહીં લે તો મજબૂરીમાં ગોળી મારવાનો આદેશ પણ આપવામાં આવશે. બાદમાં જરૂર પડશે તો, સેનાને પણ બોલાવીશું.આપને જણાવી દઈએ કે, વડાપ્રધાન મોદીએ ગત રોજ ૮ વાગ્યો સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લૉકડાઉન જાહેર કર્યું છે. જે અંતર્ગત સમગ્ર દેશમાં જીનજીવન ઠપ્પ થઈ ઘરમાં પુરાઈ ગયું છે, તેમ છતાં પણ અમુક લોકો કારણવગરના રસ્તાઓ પર ટહેલતા જોવા મળતા હોય છે.આવા સમયે જરૂરી છે કે, સરકાર અને પોલીસના આદેશનું પાલન કરવામાં આવે. જો કે, અમુક લોકો આદેશને ઘોળીને પી જતા હોય છે, ત્યારે સરકારે મજબૂરીવશ કડક હાથે કાર્યવાહી કરવી પડતી હોય છે.

### લોકડાઉનના પ્રથમ દિવસે લોકોમાં ભારે ઉચાટ,દહેશત,ભય

# લોકડાઉનનો ભંગ કરનારને બે વર્ષની કેદ અને દંડની જોગવાઈ

)ન્યુ દિલ્હી,તા.૨૫

દેશભરમાં કોરોના વાયરસના કારણે દેશભરમાં લોકડાઉન જાહેર કરી દેવામાં આવ્યું છે. આગામી ૨૧ દિવસ લોકોને ઘરમાં જ રહેવાની અપીલ ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી છે. પરંતુ વડાપ્રધાનની કેટલાક લોકો આ અપીલ છતાંયે કેટલાક લોકો માનવા તૈયાર નથી અને ઘરની બહાર ફરે છે. આ લોકો માટે દંડની આકરી જોગવાઈ કરવામાં આવી છે.

હવે જો અત્યંત જરૂરી કામ વગર ઘરમાંથી બહાર નિકળશો તો દંડ અને સજા એમ બંની જોગવાઈ કરવામાં આવી છે. સજાની જોગવાઈમાં એક મહિનાથી લઈને બે વર્ષ સુધીની છે.

૨૧ દિવસના લોકડાઉન દરમિયાન નિયમ અને સૂચનાનું પાનલ ના કરનારાઓ પર ઈમરજંસી પ્રબંધન અધિનિયમના સેક્શન ૫૧ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે. તેમાં સજા અને દંડ બંનીને જોગવાઈ છે. લોકડાઉનનો ભંગ કરનારાઓ પર ૨૦૦ રૂપિયાનો દંડ અને સાથે જ ૧ મહિનાની જેલની સજા ફટકારવામાં આવશે. પરંતુ જો આ ભંગના કારણે કાયદા અને વ્યવસ્થામાં મુશ્કેલી ઉભી થઈ, દંગાની સ્થિતિ સામે આવી તો સાઅ ૬ મહિના સુધી લંબાવવામાં આવી શકે છે. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, જો તમારા ઓર્ડર ના માનવાના કારણે કોઈનો જીવ જાય, ખતરો ઉભો થાય કે પછી દોષિતને જેલ થઈ શકે છે, જે બે વર્ષ સુધી વધારવામાં આવી શકે છે.

ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા ઓર્ડરમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ કોરોના વાયરસ સાથે સંબંધિત કોઈ પણ અફવા ફેલાવશે તો તેને પણ એક વર્ષની સજા થશે. સાથે જ આર્થિક દંડ પણ ફટકારવામાં આવશે. તેવી જ રીતે લોકોની મદદ માટે આપવામાં આવેલા ફંડમાં કોઈ જ પ્રકારની ગોબાચારી કરનારાઓ વિરૂદ્ધ આકરા પગલા ભરવામાં આવશે. આમ કરનારાઓને ૨ વર્ષની સજા ફટકારવામાં આવશે. સરકારી અધિકારીઓને પણ આ દાયરામાં આવરી લેવામાં આવ્યા છે. સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈન્સનું પાલન ના કરવા પર કોર્પોરેટ પર પણ દંડ ફટકારવાની સૂચના આપવામાં આવી છે.

# વિશ્વભરમાં ૫૦થી વધુ દેશો લોકડાઉનઃ ૨૩૦ કરોડથી વધુ લોકો ઘરોમાં કેદ

ન્યુ દિલ્હી,તા.૨૫

કોરોના વાયરસને કારણે વિશ્વભરના ૫૦થી વધુ દેશોએ લોકડાઉન જાહેર કરેલ છે. આના કારણે લગભગ ૨૩૦ કરોડ લોકો પોતપોતાના ઘરોમાં કેદ થઈ ગયેલા છે. જેમા એકલા ભારતમાં જ ૧૩૦ કરોડ લોકો ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યાથી પોતપોતાના ઘરોમાં પુરાઈ ગયા છે. પીએમ મોદીએ ગઈકાલે ભારતમાં ૨૧ દિવસના અનિવાર્ય લોકડાઉનનુ એલાન કર્યુ હતુ અને કહ્યુ હતુ કે આને લોકો કર્ફ્યુ જ ગણે. લોકડાઉન જાહેર કરનારા અનેક દેશોએ આને અનિવાર્ય કરેલ છે તો કેટલાકે આને કડકાઈથી લાગુ નથી કર્યુ. ફકત લોકોને ઘરમાં જ રહેવા અપીલ કરાય છે.લગભગ ૧૯૫.૯ કરોડની વસ્તીવાળા ૩૫ દેશોએ અનિવાર્ય લોકડાઉન કર્યુ છે. અનિવાર્ય લોકડાઉનનો અર્થ છે કે જરૂર વગર ઘરની બહાર નિકળવાની સ્પષ્ટ મનાઈ અને આવુ કરનારા સામે કડકાઈથી કામ લેવામાં આવશે અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. આ દેશોમાં ૧૩૦ કરોડની વસ્તીવાળુ ભારત સૌથી મોટુ છે. આ સિવાય ફ્રાન્સ, ઈટાલી, આર્જેન્ટીના, ઈરાક, ગ્રીસ, રૂવાન્ડા અને અમેરિકાનું કેલીફોર્નિયા રાજ્ય છે. ગઈકાલે કોલંબીયાને પણ આ લીસ્ટમાં સામેલ કરવામાં આવેલ છે. ન્યુઝીલેન્ડ આજથી લોકડાઉન થયુ છે. મોટાભાગના દેશોમાં જરૂરી કામ પર જવા કે મેડીકલ સુવિધા માટે જવાની છૂટ છે.

### ૭૨ લાખ લોકોને કરિયાણુ મફતમાં મળશે

# દિલ્હીમાં કેજરીવાલ સરકાર દુકાનદારોને ઈ-પાસ આપશે

ન્યુ દિલ્હી,તા.૨૫

કોરોના વાયરસના કારણે દેશભરમાં ૨૧ દિવસ સુધી લોકડાઉનની સ્થિતી ઉભી થઈ છે. ત્યારે આવા સમયે લોકોને ઘરોમાંથી બહાર ન નિકળવાની સલાહ અપાઈ છે. આ પરિસ્થિતીમાં લોકો મુશ્કેલીમાં આવે તે સ્વાભાવિક બાબત છે. જો કે, દિલ્હીમાં લોકોને જરૂરી સામાનની ખોટ ન પડે એટલા માટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ઉપરાજયપાલે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ બંનેએ લોકોને અપીલ કરી છે, કે તેઓ ઘરોમાં જ રહેશે. પરેશાન થવાની જરૂર નથી. જીવનજરૂરિયાત સામાનની દુકાનો બંધ કરવામાં નહીં આવે. દુકાનો પર કારણવગરની ભીડ ન કરો.

મુખ્યમંત્રી કેજરીવાલે જણાવ્યું હતું કે, કોઈએ પણ ડરવાની જરૂર નથી. વડાપ્રધાન મોદીએ જેવી જાહેરાત કરી કે, લોકોએ દુકાનો પર ભીડ લગાવી દીધી હતી. હું ફરી વાર લોકોને અપીલ કરવા માગુ છું કે, ડરીને કોઈ પણ પ્રકારની ખરીદી ન કરો. હું તમામ આશ્વાસન આપુ છું કે, કોઈને પણ કોઈ જાતની તકલીફ નહીં પડે.

મુખ્યમંત્રીને જણાવ્યું હતું કે, જરૂરી સામાનની દુકાનવાળા દુકાનદારને ઈ-પાસ આપવામાં આવશે. જે પોતાની દુકાન અથવા તો ફેક્ટરી ખુલ્લી રાખવા માગે છે.

# રશિયામાં ૭.૫ની તીવ્રતાનો ભૂકંપઃ સુનામીની આશંકા

મોસ્કો,તા.૨૫

વિશ્વ આખુ જ્યારે કોરોના વાયરસ સામે જંગ લડી રહ્યું છે, ત્યારે રશિયામાં અન્ય એક મુશ્કેલીમાં ઘેરાયું છે. રશિયામાં ભૂકંપના ઝટકા જોવા મળ્યા છે. રશિયામાં આવેલા આ ભૂકંપના આંચકા ૭.૫ રિક્ટર સ્કેલના હોવાનું સામે આવ્યું છે. જેનું કેન્દ્ર રશિયાના કુરિલ આઈલેન્ડથી લગભગ ૨૧૮ કિમી દૂર સાઉથ-ઈસ્ટના સેવેરોમાં મળ્યું છે.

રશિયામાં આવેલો આ ભૂકંપના આંચકા સ્થાનિક સમય મુજબ જોઈએ તો, ત્યાં બુધવારના બપોરે અનુભવાયા હતા. ભૂકંપ બાદ અહીં સુનામી આવવાના પણ અણસાર આપ્યા છે. તાજેતરમાં પ્રાપ્ત વિગતો પ્રમાણે જોઈએ તો, હજૂ સુધી કોઈ જાનહાનીની ખબર આવી નથી.આપને જણાવી દઈએ કે, સેવેરો-કુરિલ એક નાનુ એવુ શહેર છે. જ્યાંની વસ્તી લગભગ ૨૫૦૦ની છે. અગાઉ આ ભૂકંપની તિવ્રતા ૭.૮ જણાવવામાં આવી હતી. પણ બાદમાં તેને ૭.૫ નોંધાઈ છે.

CYMK

બેબાભાઈ ઠક્કરની ધન્યવાદને પાત્ર કામગીરી

# પાટણના બેબાભાઈ ઠક્કર દ્વારા એક મહિના સુધી ૧૦ હજાર લોકો માટે ભોજનની વ્યવસ્થા કરાઈ

પાટણ શહેરમાં કોરોનાને લઈને રવિવારે જનતા કર્ફ્યૂને પગલે સમગ્ર શહેર સજ્જડ બંધ રહ્યા બાદ છેલ્લા બે દિવસથી લોક ડાઉનની અસરના પગલે પાટણ શહેરના બજારો બંધ રહેતા નાના પાયે ધંધો કે છૂટક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા અનેક પરિવારોની હાલત દયનીય બની છે કામ ધંધા વગર શું ખાવું અને ઘર રીતે ચલાવવું તે પ્રશ્ન બની રહ્યો છે ત્યારે પાટણ ના જાણીતા સેવાભાવી સદગૃહસ્થ બેબાભાઇ ઠક્કરે આવી કપરી પરિસ્થિતિમાં રોજનું લાવીને રોજ ખાતા સામાન્ય માણસની ચિંતા કરીને તેમને મદદ કરવા એક મહિના સુધી પાટણ ના રોજ ૧૦૦૦૦ જેટલા શ્રમિક વ્યક્તિઓને કોઇ ભૂખ્યું ન રહે તે માટે તેમને સવાર સાંજ ભોજન પુરુ પાડવાનો નિર્ણય કરી ગરીબોને હિંમત પૂરી પાડી છે

પાટણ જિલ્લામાં સર્વત્ર કોરોના વાયરસનો ફફડાટ અનુભવી અનુભવાઇ રહ્યો છે લોકોને ઘરથી બહાર નહી નીકળવા એકબીજા વચ્ચે અંતર જાળવવા ભારપૂર્વક અનુરોધ કરાયો છે અને આગામી ગંભીરતાને ધ્યાને લઈને લોક ડાઉન જાહેર કરાયું છે તેને લઈને બજારો તેમાં નાના તેમજ તમામ નાના મોટા વેપાર ધંધાની પ્રવૃત્તિઓ બંધ થઈ ગઈ છે આવા સંજોગોમાં રોજનું કમાઇ

ને રોજ ખાતા અને પરિવારનું ગુજરાન ચલાવતા અસંખ્ય સામાન્ય માણસોની હાલત કપરી બની રહી છે અને જીવન ગુજારવુ મુશ્કેલ બન્યું છે ત્યારે આવા કપરા સંજોગોમાં શહેરના એક સેવા ભાવી સદગૃહસ્થ તરીકે બેબાભાઇ માનવતાની રૂએ લોકોની મદદ માટે બહાર આવ્યા છે અને કોઈપણ ગરીબ મજૂર વ્યક્તિ ભૂખ્યો ન રહે તેની ચિંતા કરી છે જે સરાહનીય બની રહ્યું છે

જાણવા મળ્યા મુજબ કોરોનાની સ્થિતિ લંબાય તો તેવા સમયે સામાન્ય શ્રમજીવી વ્યક્તિઓ માટે મુશ્કેલી વધી શકે તેને ધ્યાને લઈને શું કરી શકાય તે માટે જિલ્લા કલેક્ટર અને ડીડીઓ દ્વારા શહેરની વિવિધ સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ એનજીઓની બેઠક



બોલાવાઇ હતી

જાણવા મળ્યા મુજબ બેબાભાઇ ઠક્કરે પાટણમાં આવા નાના કામ ધંધા સાથે સંકળાયેલા શ્રમિક વ્યક્તિઓ માટે દરરોજ સવાર અને સાંજ એમ એક મહિના સુધી ૫૦૦૦-૫૦૦૦ વ્યક્તિઓને ભોજન પૂરું પાડવા તેના માટેનુ તમામ કરિયાણું અને સીધુ સામાન પૂરું પાડવાની સામે ચાલીને ઓફર કરી હતી જાણવા મળ્યા મુજબ તેમણે કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને શહેરમાં ફરજ બજાવતા તમામ પોલીસકર્મીઓની સુરક્ષા માટે તેમને ૨૫૦૦

ગ્લોઝ ૧૦૦૦ માસ્ક અને ૫૦૦ બોટલ હેન્ડ સેનેટાઈઝર ની ૧૦૦ મિલિગ્રામ ની બોટલો આપીને એસપીને સુપરત કરી હોવા નું જાણવા મળ્યું હતું બેઠકમાં નક્કી થયા મુજબ ગુરુવારથી આવી ખાદ્ય સામગ્રી લોકોને ડોર ટુ ડોર પહોંચાડવામાં આવશે

આ અંગે કિશોરભાઈ મહેશ્વરીએ જણાવ્યું હતું કે પાટણ ના કેટરર્સ એસોસિએશને ખાવાનું બનાવી આપવાની તમામ જવાબદારી સ્વીકારી છે અને બાલાજી પાર્ટી પ્લોટ ખાતે ભોજન તૈયાર કરાશે તેમજ તેમના વાહનો દ્વારા વિતરણ કરવામાં આવશે

વિતરણ વ્યવસ્થા એનજીઓને સોંપાય છે જેમાં કિશોર મહેશ્વરી અને પ્રયાસ ફાઉન્ડેશનના પારસ પટેલ આ કામગીરી સંભાળશે આ માટે પાટણના અગિયાર વોડની અગિયાર ટીમો બનાવાય છે દરેક વોર્ડમાં એક એક એનજીઓ દેખરેખ રાખશે તેમજ વોર્ડના કાર્યકરો પણ આ સેવા કાર્ય માં જોડાશે આ ઉપરાંત વિદેશથી કે બહારથી આવેલા વ્યક્તિઓ પર દેખરેખ રાખવા અને તેમને બહાર નહીં નીકળવા તેમને સમજાવવા પણ એનજીઓના કાર્યકરો સહયોગ આપશે

# ભારત લોકડાઉનના મોદીના નિર્ણયને સચિન,કોહલી સહિતના ક્રિકેટરોનું સમર્થન

મુંબઇ,તા.૨૫

કોરોના વાઈરસનો ફેલાવો રોકવા માટે ભારતભરમાં ૨૧-દિવસનું લોકડાઉન લાગુ કરવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણયને સમર્થન આપવામાં ભારતીય ક્રિકેટ કેપ્ટન સૌરવ ગાંગુલીએ દેશના ક્રિકેટ સમુદાયની આગેવાની લીધી છે.

**વિરાટ કોહલી**

કોહલીએ ગઈ કાલે રાતે જ ટ્વીટ કરીને મોદીના નિર્ણયને પોતાનો ટેકો જાહેર કર્યો હતો. એણે ટ્વીટમાં લખ્યું કે, આપણા માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીએ હમણાં જ જાહેરાત કરી કે આખો દેશ આજે મધરાતથી ૨૧ દિવસ સુધી લોકડાઉન સ્થિતિમાં રહેશે. મારી સૌને વિનંતી છે કે મહેરબાની કરીને ઘરમાં જ રહેજો.

**સૌરવ ગાંગુલી: બીસીસીઆઇ અધ્યક્ષ**

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના પ્રમુખ અને ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ પણ મોદીના નિર્ણયને સમર્થન આપ્યું છે અને પોતાના ટ્વિટર હેન્ડલ પર એક વિડિયો નિવેદન પોસ્ટ કર્યું છે. એમણે જણાવ્યું છે કે લોકોને મારી વિનંતી છે કે સૌ પોતાના ઘરમાં જ રહે. ચાલો સાથે મળીને આ લડાઈ લડીએ. આપણે સફળ થઈશું. દુનિયાભરમાં નાગરિકોએ એમની સરકારો કહે એ પ્રમાણે કરવું.

**રવિચંદ્રન અશ્વિન**

ટેસ્ટ સ્પિનર રવિચંદ્રન અશ્વિને પણ ટ્વીટ કરીને પીએમ મોદીના નિર્ણયને ટેકો આપ્યો છે. એણે લખ્યું છે, ૩ અઠવાડિયાપ ચાલો ઘરમાં જ રહીએ. આ ત્રણ અઠવાડિયામાં લોકોનું બેજવાબદાર વર્તન આપણને બે દાયકા પાછળ રાખી દેશે. વેલડન નરેન્દ્ર મોદીજી.

**હરભજનસિંહ**

અનુભવી સ્પિનર હરભજન સિંહે મોદીના નિર્ણયને ટેકો આપતું ટ્વીટ અંગ્રેજી, હિન્દી અને તામિલ ભાષાઓમાં પોસ્ટ કર્યું છે. એણે લખ્યું છે, આ ૨૧ દિવસો આપણા જીવનના સૌથી મહત્ત્વના દિવસો બનશેપ તેથી મહેરબાની કરીને જવાબદાર નાગરિકો બનજો. કોરોનાને રોકવાનો આપણને આ એક જ મોકો છે.

**ચેતેશ્વર પૂજારા**

રાજકોટ નિવાસી બેટ્સમેન ચેતેશ્વર પૂજારાએ ટ્વીટમાં લખ્યું છે, આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીએ આપેલી સલાહ અનુસાર હું દરેક જણને વિનંતી કરું છું કે સૌ ઘરમાં જ રહે અને રોગચાળાને રોકવામાં મદદરૂપ થાય.

**લાખો જીવન બચાવવાનો સૌથી સારો ઉપાયઃ સચિન તેંડુલકર**

સચિન તેંડુલકરે લખ્યું કે, ×પીએમ મોદીએ ૨૧ દિવસ માટે ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ કરી છે. આ લાખો લોકોનો જીવ બચાવવાનો સૌથી સારો ઉપાય છે. આઓ બધા કોરોનાવાઈરસ સામેની લડાઈમાં એક થઈ જઈએ.

# કોરોના ઈફેક્ટ: થોડા જ દિવસોમાં પ્રદૂષણ પર કંટ્રોલ,ઈટલી ઝેરી ગેસથી મુક્ત

ન્યૂયોર્ક,તા.૨૫

કોરોના વાયરસની મહામારીએ સમગ્ર દુનિયામાં કોહરામ મચાવી રાખ્યુ છે. આ વાયરસના કારણે અત્યાર સુધીમાં લગભગ ૧૯ હજાર લોકોના મોત થઈ ચૂક્યા છે. જોકે, આ જાનલેવા વાયરસના કારણે પૃથ્વી પર એક એવો સકારાત્મક ફેરફાર જોવા મળ્યો છે, જેનુ સપનુ ભારત સહિત ઘણા દેશ જોઈ રહ્યા છે.

યુરોપિયન સ્પેસ એજન્સી દ્વારા જાહેર કરવામાં આવેલી જાણકારી પ્રમાણે, કોરોના વાયરસના કારણે સમગ્રા દુનિયામાં પ્રદુષણનું સ્તર ખૂબ જ નીચે આવી ગયુ છે. જે પ્રદુષણને કંટ્રોલ કરવા માટે ભારત, ચીન અને અમેરિકા જેવા દેશ વર્ષોથી કોશિશ કરી રહ્યા છે, તેને કોરોનાએ થોડા જ દિવસોમાં સફાયો કરી દીધો છે. ઉલ્લેખનીય છે કે, ઝહેર પેદા કરનાર ગેસના કારણે રસ્તાઓ પર ચાલતા વાહન, ફેક્ટરીઓ અને થર્મલ પાવર સ્ટેશન છે તે છેલ્લા ઘણા સમયથી બંધ પડ્યા છે.

યૂરોપીયન સ્પેસ એજન્સીએ ખુદ ફોટો જાહેર કરતા કહ્યુ છે કે, યૂરોપની આ ફોટો કોપરનિક્સ સેન્ટિનેલ-૫પી સેટેલાઈન થકી જાન્યુઆરીમાં લેવામાં આવી હતી. આ ઝેરી ગેસની અસર સૌથી વધારે ઈટલીમાં જોવા મળી રહ્યો છે.

જ્યારે કે, ૧૧ માર્ચના રોજ લેવામાં આવેલ આ ફોટોમાં ઈટલી ઝેરી ગેસથી મુક્ત જોવા મળી રહ્યુ છે. ઈટલીમાં આ પરિવર્તન લોકોનુ ક્વોરન્ટાઈ હોવાની કારણે શક્ય બન્યુ છે.

આ ફોટો ઈટલીના વેનેટિયન કેનાલની છે, જ્યા પાણીની ગહેરાઈમાં તરતી માછલીઓ એકદમ સાફ જોવા મળી રહી છે. દેશમાં લોકો ક્વોરન્ટાઈનમાં હોવાથી આ જગ્યા પર બોટિંગ બંધ થઈ ગઈ છે.

અમેરિકની અંતરિક્ષ અનુસંધાન એજન્સીએ હાલમાં જ વુહાનમાં નાઈટ્રોજન ડાઈઓક્સાઈડ ઓછો થયો હોવાની વાત કરી હતી. સ્પેસ એજન્સીનો દાવો છે કે, શહરેમાં લોકડાઉન થયા બાદ ઝેરી ગેસમાં ખૂબ જ ઘટાડો નોંધાયો છે.

# લીંબડી નગરપાલિકા દ્વાર સેનેટાઈઝીગ દવાનો છટકાવ જાહેર સ્થળોએ કરવામાં આવ્યું

હાલ માં કોરોના વાયરસ ના કહેર સામે લોક ડાઉન અને જાહેર નામાં મુજબ કાર્યવાહી ચાલુ હોય અને લોકો નીકળવા તથા ઘરમાં જ રહેવાના આદેશ આપ્યા છે.

પરંતુ આ કોરોના વાયરસ ને લઈ લીંબડી નગરપાલિકા ના સ્ટાફ દ્વારા ત્યારે લીંબડી નવા બસ સ્ટેન્ડ તેમજ જાહેર સ્થળોમાં શાક માર્કેટ, ટાવર રોડ, ગ્રીનચોક રોડ, અને લીંબડીનું મોટામંદિર અને લીંબડી ના મુખ્ય માર્ગો પર વધારે લોકો ની અવર જવર વધારે કરતા હોય છે ત્યારે આજે નગરપાલીકા દ્વારા સેનેટાઇરીઝ દવા અને પાણી મિક્ષ કરીને છટકાવ કરવામાં આવ્યો હતો જેથી કોરોના વાયસર ના ઉપદ્વવો વધુ પેદા ન થાય અને કોઈ રોગ પેદા ન થાય તે માટે છટકાવ કરવામા આવે લ અને પાણી થી ગટરો ની પણ સાફ સફાઈ કરવામાં આવી હતી.

ત્યારે લીંબડી નગરપાલિકા પ્રમુખ ધીરૂભાઈ ખાંદલા, ગુજરાત રાજય હસ્ત કલા નિગમ ના ચેરમેન શંકરલાલ દલવાડી, બીપીનભાઈ પટેલ, દલસુખભાઈ ચૌહાણ, મુકેશભાઈ શેઠ, લીંબડી નગરપાલિકા ના કર્મચારી જગદીશભાઈ મકવાણા, તેમજ તેમના સ્ટાફ અને શહેર ના અન્ય લોકો જોડાઈ ને આ એક અનોખી સેવા નું ઉદાહરણ પૂરૂ પાડીયું છે.

તેમજ લીંબડી મોટા મંદિર ના મહંત શ્રી લાલદાસજીબાપુ એ લીંબડી ના નગરજનો ને નમ્ર અપીલ કરવામાં આવી હતી કે કોઈ માણસ ચાર વ્યક્તિ થી વધારે બેસવું નહિ અને આ કોરોના વાયરસ ને લીધે સરકાર શ્રી એ આપેલ નિયમો નું પાલન કરવું તેવું જણાવ્યું હતું.લાલદાસજીબાપુ મહંત લીંબડી મોટા મંદિર.રિપોર્ટર.લીંબડી.દિપકસિંહ વાઘેલા

આંતરરાષ્ટ્રિય બેક્ક બાર્કલેઝ બેક્કે અનુમાન લગાવ્યુ

# દેશવ્યાપી લોકડાઉનથી ભારતીય અર્થતંત્રને ૧૨૦ અબજ ડોલરનું નુકસાન થશે

વોશિંગ્ટન,તા.૨૫

આંતરરાષ્ટ્રિય બેક્ક બાર્કલેઝ બેક્કે અનુમાન લગાવ્યુ છે કે, દેશવ્યાપી લોકડાઉનના કારણે ભારતના અર્થત્રને ૧૨૦ અબજ ડોલરનુ નુકસાન થશે.

બેક્કના રિપોર્ટમાં કહેવાયુ છે કે, બદલાતી સ્થિતિઓને જોતા ૨૦૨૦ના કેલેન્ડર વર્ષમાં ભારતનો વિકાસ દર માત્ર ૨.૫ ટકા રહેશે.જે અગાઉ ૪.૫ ટકા રહેવાનુ અનુમન હતુ.આ સાથે જ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિકાસ દરનુ અનુમાન ઘટાડીને ૩.૫ ટકા કરી દેવામાં આવ્યુ છે.

જોકે આગામી વર્ષે ગ્રોથ રેટમાં વધારાની આશા છે.બાર્કલેઝે ૨૦૨૧ના કેલેન્ડર વર્ષ માટે જીડીપીમાં ૮.૨ ટાકના ગ્રોથનુ અને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૮ ટકાના ગ્રોથનો અંદાજ મુક્યો છે.રિપોર્ટ પ્રમાણે લોકડાઉનના કારણે ભારતની ઈકોનોમીને ૧૨૦ અબજ ડોલર જેટલુ નુકસાન થશે.જે જીડીપીના ચાર ટકા છે.જેમાંથી ૯૦ અબજ ડોલરનુ નુકસાન લોકડાઉનનો સમય વધારવાના કારણે થશે.સ્વાભાવિક રીતે તેની અસર ગ્રોથ રેટ પર પણ પડશે.

ક્લાઈમેટ ચેન્જ,ગ્લોબલ વોર્મિંગ મુદ્દે શક્તિશાળી દેશોને ઠપકો આપનાર

# પર્યાવર એક્ટિવિસ્ટી ગ્રેટા થનબર્ગ કોરોના વાયરસની ચપેટમાં

સ્ટોકહોમ,તા.૨૫

ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવા મુદ્દા પર શક્તિશાળી દેશોને ઠપકો આપનારી પર્યાવર એક્ટિવિસ્ટી ગ્રેટા થનબર્ગનું કહેવું છે કે તે કોરોના વાયરસનો શિકાર બની છે. ગ્રેટા ઉપરાંત તેના પિતા અને સ્વીડનના એક્ટર સ્વાંતે થનબર્ગમાં પણ કોરોના વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. ગ્રેટા પોતાના પિતા સાથે મકાન ભાડે લઈને આઈસોલેશનમાં જતી રહી છે. સાથે જ ગ્રેટાએ લોકોને ઘરમાં રહેવાની અપીલ કરી છે.

ગ્રેટાએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ મૂકીને જણાવ્યું કે, તેના શરીરમાં કોવિડ-૧૯ના લક્ષણો દેખાઈ રહ્યા છે. આ લક્ષણ યુરોપમાં ટ્રેનમાં મુસાફરી કર્યા બાદ દેખાવાના શરૂ થયા હતા. વિભિન્ન દેશોમાં ટ્રેનની મુસાફરી પર લગાવાયેલા પ્રતિબંધ પહેલા ગ્રેટાએ પિતા સાથે ટ્રેનમાં મુસાફરી કરી હતી.

જો કે, ગ્રેટાએ સ્પષ્ટ કર્યું છે કે તેનો અથવા તેના પિતાનો કોરોનાનો ટેસ્ટ થયો નથી, કારણકે સ્વીડનમાં માત્ર એ લોકોનો ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે જેમનામાં ગંભીર લક્ષણો દેખાતા હોય.

સંયુક્ત રાષ્ટ્ર અને દાવોસમાં ક્લાઈમેટ ચેન્જ મુદ્દે મજબૂતાઈથી અવાજ ઉઠાવનારી ૧૭ વર્ષની ગ્રેટાએ લખ્યું, “હું સેન્ટ્રેલ યુરોપથી ઘરે આવી ત્યારથી જ મેં મારી જાતને આઈસોલેટ કરી નાખી હતી. મને લાગે છે કે મને કોરોના છે કારણકે મેં ટ્રેનમાં મુસાફરી કરી હતી. હું કોઈના જીવનને જોખમમાં મૂકવા માગતી નથી. ટ્રેનમાં મુસાફરીના થોડા દિવસ બાદ મારામાં કોરોનાના લક્ષણો દેખાવા શરૂ થયા હતા. એ જ વખતે મારા પિતાના શરીરમાં પણ ગંભીર લક્ષણો દેખાયા હતા.

# ગાંધીનગર: કોરોના પોઝિટિવ છતાં ૫૩ લોકોને મળનારા સામે ફરિયાદ

ગાંધીનગર:

દુબઈથી કોરોનાનો ચેપ લઈને આવ્યા બાદ ક્વોરન્ટાઇન કરાયા છતાં સાવચેતી રૂપે ઘરમાં બંધ રહેવાને બદલે અનેક લોકોના સંપર્કમાં આવવા બદલ ગાંધીનગરના ૨૯ સેક્ટરમાં રહેતા બિલ્ડરના પુત્ર ઉમંગ પટેલ તથા તેની પત્ની પિનલ સામે પોલીસે ગુનો નોંધ્યો છે. આ સાથે આ સંક્રમિત વ્યક્તિ તેના ભાભી તથા ફુઆના સંપર્કમાં આવ્યા અને તેમણે પણ આવી માહિતી છુપાવી તથા તેઓ પણ અલગ અલગ લોકોના સંપર્કમાં આવ્યા હતા, જેથી તેમની સામે પણ કેસ નોંધાયો છે. આ તમામ સામે એપિડેમિક ડિસિઝ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.આશ્ચર્યની વાત એ છે કે સંક્રમિત થયા પછી આરોગ્ય વિભાગે તેઓ ગાંધીનગર પરત આવ્યા બાદ કેટલા લોકોને મળ્યાં તેની યાદી બનાવી ૫૩ લોકોનું લિસ્ટ બનાવ્યું હતું, પરંતુ આ લિસ્ટમાં તે વ્યક્તિના ફુઆનું નામ ન હતું. તેથી ગુનાહિત આશયથી અને ઈરાદાપૂર્વક માહિતી છુપાવવાનો ગુનો પણ દાખલ કરાયો છે.

આ વ્યક્તિના ફુઆ અશોક પટેલ પોતે વિજાપુર પાસેના વેડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફાર્માસિસ્ટ તરીકે નોકરી કરે છે અને ઉમંગથી સંક્રમિત થયાં બાદ તેઓ પણ ચેપગ્રસ્ત થયા હતા. તેમ છતાં તેઓ પોતાની નોકરી પર ગયા હતા અને અનેક દર્દીઓને દવા આપવા ઉપરાંત અન્ય કામ કર્યું અને ગાંધીનગરમાં યોજાયેલી એક સરકારી બેઠકમાં હાજર રહ્યા હતા. અશોકનાં પત્ની તથા ઉમંગના દાદી પણ ઉમંગના સંપર્કમાં આવ્યાં હોવાથી કોરોનાના ચેપનો ભોગ બન્યા છે.

આ સાથે ઉમંગના ભાભી પૂજા પટેલ પણ સંક્રમિત થયા અને તેઓ પણ હોમ ક્વોરન્ટાઇન રહેવાને બદલે સતત બહાર ફરતા રહ્યા હોવાથી તેમની સામે પણ ગુનો દાખલ કરાયો છે. આ ઉપરાંત તેઓની સામે આઈપીસીની કલમ ૨૭૦ તથા ૧૮૮ હેઠળનો ગુનો નોંધાયો છે.

સંક્રમણ ફેલાવવું એ પણ ગુનો બને છે

ઈન્ડિયન પિનલ કોડની કલમ ૨૬૯ અને ૨૭૦ અંતર્ગત કોઇ વ્યક્તિના જીવનને ખતરો રહે તેવી બીમારીને ફેલાવવા બદલ દંડની જોગવાઈ છે.ૐ કલમ ૨૬૯ પ્રમાણે જો કોઇ જીવનને ખતરો બને તેવા સંક્રમણને અજાણતા અથવા તો ગેરકાયદે રીતે ફેલાવે તો તેને વધુમાં વધુ ૬ મહિના સુધીની જેલ અથવા દંડ અથવા તો બન્ને લાગૂ પડી શકે છે.ૐની કલમ ૨૭૦ પ્રમાણે જો કોઇ દ્વેષપૂર્ણ રીતે બીમારીને ફેલાવવાનું કૃત્ય કરે છે તો તેને વધુમાં વધુ બે વર્ષ , દંડ અથવા તો બન્નેની સજા થઇ શકે છે. ૨૬૯ની સરખામણીએ આ કલમમાં દ્વેષપૂર્ણ રીતે બીમારીને ફેલાવવાનું જણાય તે મુદ્દો અંકિત કરવામાં આવ્યો છે.

ત્રણ લોકોના કોરોના ટેસ્ટ પોઝિટિવ છે તંત્ર દ્વારા ચાર સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે જેમાં ત્રણ લોકો એટલે કે ઉમંગ જશુભાઈ પટેલ, પિનલબેન ઉમંગ પટેલ તથા અશોકભાઈ પટેલના કોરોના ટેસ્ટ પોઝિટિવ છે. જ્યારે પુજાબેન તીર્થભાઈ પટેલ હાલ હોમ કોરોન્ટાઈન છે.

જાહેરનામાંના ભંગના ૩૦૦ અને ક્વોરન્ટાઇન ભંગના ૧૪૭ કેસ

કોરોના વાઈરસના ચેપના અટકાવવા માટે ૩૧ તારીખ સુધીના લોકડાઉનની જાહેરાત બાદ પોલીસે સમગ્ર રાજયમાં લોકડાઉનનું પાલન કરાવ્યું હતું તેને લોકોનું સમર્થન મળ્યું છે. તેમ છતાં અત્યાર સુધીમાં વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ મૂકતા જાહેરનામાંનો ભંગ કરતા ૩૦૦ ગુના નોંધાયા હતા. ક્વોરન્ટાઇનમાં મુકાયાં છતાં તેનો ભંગ કરતાં ૧૪૭ કિસ્સા નોંધાયા છે, જ્યારે આવા ભંગ માટે ૫૪૪ લોકોની પોલીસે અટકાયત કરી છે.રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં જાહેરનામાંનો ભંગ કરનારા ૨૩૮ ગુના નોંધાયા તથા ક્વોરન્ટાઇનમાં મુકાયાં છતાં તેનો ભંગ કરતાં ૧૨૭ ગુના નોંધાયા છે. આમ છેલ્લાં ૨૪ કલાકમાં કુલ ૪૨૬ લોકોને ગુનો કરવા બદલ અટકાયત કરાઇ છે.દુબઈથી કોરોનાનો ચેપ લઈને આવ્યા બાદ ક્વોરન્ટાઇન કરાયા છતાં સાવચેતી રૂપે ઘરમાં બંધ રહેવાને બદલે અનેક લોકોના સંપર્કમાં આવવા બદલ ગાંધીનગરના એક પરિવાર સામે એપેડેમિક એક્ટનો ગુનો નોંધાયો હતો.

# કોરોના લોકડાઉન: ફ્લિપકાર્ટની સેવા સ્થગિત, એમેઝોને મર્યાદિત કરી




મુંબઈ,તા.૨૫

કોરોનાને કારણે સમગ્ર દેશમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યા પછી ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટે તેની સેવાઓને અનિશ્ચિત સમય સુધી બંધ કરી છે. જ્યારે એમેઝોનની સેવાઓ પણ જરૂરી સામાન સુધી સિમિત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે કોરોનાના સતત વધી રહેલા કેસોના પગલે વડાપ્રધાન મોદીએ લોકડાઉનની જાહેરાત કરી છે.

ફ્લિપકાર્ટે તેની વેબસાઈટ પર લખેલા એક સંદેશમાં કહ્યું છે કે હેલો, ભારતીય સાથીયો, અમે પોતાનું કામકાજ અનિશ્ચિત સમય માટે રોકી રહ્યાં છે. તમારી જરૂરિયાત પહેલેથી જ અમારી પ્રાથમિકતા રહી છે અને અમારો એ વાયદો છે કે શકય તેટલા ઝડપી અમે તમારી સેવામાં પરત ફરીશું.

ઈ-કોમર્સ કંપની એમેઝોને પણ પોતાની સેવાઓ આંશિક રૂપથી બંધ કરતા માત્ર હાઈ પ્રાયોરિટી વાળી વસ્તુઓ પુરી પાડવાની વાત કરી છે. એમેઝોને કહ્યું છે કે તેઓ ગ્રાહકોને બિનજરૂરી સેવાઓ પુરી પાડશે નહિ અને માત્ર જરૂરી સામાન જ પુરો પાડશે.

# કોરોના લૉકઆઉટે ૧૯૭૫ની કટોકટીની યાદ અપાવી

કોરોના વાયરસના સંક્રમણથી ભારત દેશને બચાવવા માટે વડાપ્રધાન મોદી એ ૨૪ માર્ચની મધરાતથી દેશવ્યાપી લૉકડાઉન કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. સમગ્ર દેશ ૨૧ દિવસ એટલે કે ૧૪ એપ્રિલ સુધી લૉકડાઉન રહેશે. લૉકડાઉનની જાહેરાત બાદ બુધવાર સવારથી જ સમગ્ર દેશમાં જાણે કર્ફ્યૂ લાગી ગયો હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. રેલવે, હવાઈ મુસાફરી, સ્ટેટ ટ્રાન્સપોર્ટ સર્વિસ બંધ થઈ જતાં જે દૃશ્યો જોવા મળી રહ્યા છે તે વર્ષ ૧૯૭૫ની કટોકટી જાહેર થયા બાદ જોવા મળેલા દૃશ્યોની યાદ અપાવે છે. બંનેમાં ફરક એટલો છે કે ૧૯૭૫માં તાત્કાલીન વડાંપ્રધાને સત્તાની રાજરમતમાં કટોકટી જાહેર કરતાં લૉકડાઉન જેવી સ્થિતિ જોવા મળતી હતી જ્યારે અત્યારે કોવિડ-૧૯ નામના દુશ્મનના કારણે આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

૧૯૭૫માં દેશની સત્તારૂઢ ઈન્દિરા સરકારે પોતાની સત્તા ગુમાવવાના ડરમાં કટોકટી લાદીને જાણે કે દેશને બંધક બનાવી દીધો હતો. વિરોધ કરનારાઓને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવતા હતા. કોઈ પણ સરકારના નિર્ણય સામે બોલી શકવાની સ્થિતિમાં નહોતું. તે સમયે પણ પોલીસની કડક કાર્યવાહીને કારણે લોકોને ઘરમાં જ પૂરાઈ રહેવું પડતું હતું. તો તેની સામે ૨૦૨૦માં કોરોના વાયરસને કારણે લૉકડાઉન જાહેર થતાં વિશ્વનો સૌથી મોટો લોકતાંત્રિક દેશ આજથી ઘરમાં પૂરાઈ ગયો છે.

૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ સમયે સમગ્ર દેશના લોકો પોતપોતાના ઘરમાં કેદ થવા મજબૂર થયા હતા. દુશ્મન દેશના વિમાનો હવાઈ હુમલો કરી દેશે તેનો પણ ખતરો રહેતો હતો. આ કારણે રાતના સમયે તો અંધારપટ પાળવો પડતો હતો. ઘરમાં લાઈટ કે દીવો કરવાની પણ મનાઈ હતી. તે સમયે જો ભારતના વિમાનનો પણ અવાજ આવતો તો લોકો ડરના માર્યા ધ્રૂજવા લાગતા હતા.

### અરવલ્લી પોલીસે સંકટ સમયમાં ભૂખ્યા લોકો માટે બની અન્નદાતા

# કાયદાની અમલવારી સાથે સંવેદનશિલ ખાખી ફૂડ પેકેટ વહેંચ્યા



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસને કારણે હાલ સમગ્ર ગુજરાતમાં ક્લોઝડાઉનની સ્થિતિ છે. જનતા કર્ફ્યૂ હોય કે પછી લૉકડાઉનની પરિસ્થિતિ અરવલ્લી પોલીસ હંમેશા લોકોની સેવામાં તૈયાર હોય છે.ગુજરાતમાં કોરોના વાયરસ પોઝેટીવ કેસોની સંખ્યા વધતાની સાથે સ્થિતિ લોકોમાં ભય છવાયો છે લોકો લોકડાઉનની સ્થિતિમાં જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ ખરીદવા પડાપડી કરી રહ્યા છે બીજીબાજુ રસ્તે રહેતાં અને છૂટક મજૂરી કરીને પેટ ભરતાં લોકોને ખાવાના ફાંફા પડી ગયા છે.ત્યારે અરવલ્લી પોલીસે મોડાસા શહેરમાં જરૂરિયાતમંદ લોકો માટે ફૂડ પેકેટનું વહેંચણી કરવામાં આવી હતી પોલીસતંત્રી કોરોના મહામારીમાં સરાહનીય કામગીરી સામે આવી હતી.

અરવલ્લી પોલીસતંત્રે લોકડાઉનની અમલવારી માટે ભારે પરસેવો પાડી રહી છે મોડાસા શહેરના ચાર રસ્તા સહીત તમામ પ્રવેશદ્વારોએ બેરિકેડ ગોઠવી બેરીકેટ લગાવી વાહનચાલકોને અટકાવ્યા હતા પોલીસે વાહનચાલકો સાથે ઘર્ષણમાં ઉતર્યા વગર વાહનચાલકોને સમજ આપી હતી તેમ છતાં ન માનતા ડંડાની ભાષામાં પણ કેટલાક વાહનચાલકોને સમજાવવાની ફરજ પડી હતી એકબાજુ કડક છબી ધરાવતી પોલીસે સંવેદનશીલતા દર્શન કરાવ્યા હતા મોડાસા શહેરમાં રસ્તાઓ પર રહેતાં અને મજૂરી કામ કરતાં અને નિસહાય લોકો ભૂખ્યા ના રહે અને લોકોને ભોજન મળી રહે તેવો ઉદ્દેશ સાથે લોકને આ ફૂડ વિતરણ કરવામાં આવ્યું હતું.રસ્તામાંથી પસાર થતા શ્રમિકો અને પગપાળા વતન તરફ વાટ ભણેલ પદયાત્રીઓને પણ ફૂડ પેકેટ આપી સરાહનીય કાર્ય કર્યું હતું

સંકટના આ સમયમાં પોલીસતંત્ર જાતે ભૂખ્યા, તરસ્યા રહી ખડેપગે લોકોના રક્ષણની કામગીરી તો કરી રહી છે સાથે સાથે માનવીય અભિગમ પણ જોવા મળી રહ્યો છે

### લોકડાઉનની સ્થિતિમાં રાજસ્થાની શ્રમિકો પગપાળા વતન તરફ

# શામળાજી નજીક રાજસ્થાને તેના શ્રમિકોને જ પ્રવેશતા અટકાવતા રતનપુર ચેકપોસ્ટ પર મેળાવડો

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં કોરોના વાઈરસને અટકાવવા મધ્યરાત્રીથી લોકડાઉન લાગુ થતાની સાથે અમદાવાદ સહીત ગુજરાતમાં રોજગારી અર્થે આવતા શ્રમિકોએ કોઈ કામકાજ ન રહેતા વતનની વાટ ભણી છે સરકારી અને ખાનગી પબ્લિક ટ્રાન્સપોર્ટ બંધ થતા શ્રમિકોએ પગપાળા પરિવાર સાથે ઉચાળા ભરી નીકળી પડતા હાલ અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર વાહનયાત્રા તો થંભી પણ પદયાત્રા વણથંભી બની હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે બીજીબાજુ રાજસ્થાન પોલીસતંત્ર અને વહીવટી તંત્રે આંતરરાજ્ય સરહદો બંધ કરી દેતા રાજસ્થાની શ્રમિકોનો મેળાવડો જામ્યો હોવાની સાથે સ્થિતિ દયનિય બની છે



સમગ્ર ગુજરાત લોકડાઉન છે પરંતુ રાજસ્થાન તેમજ મેઘરજ તરફના બહાર રહેતા લોકો જીવ પડીકે બાંધી અમદાવાદ સહિતના શહેરો છોડીને વાહનયાત્રા બંધ હોવા છતાં વતન તરફ દોટ લગાવી છે. એક તરફ સરકારનો ઘરમાં જ પુરાઈ રહેવાનો આદેશ છે પરંતુ લોકોને વતનમાં પહોંચી જવાની ભારે ઉતાવળ હોય તેમ જે સાધન મળ્યું તે ન મળે તો પદયાત્રા કરીને વતન તરફ દોટ લગાવી હોવાના કિસ્સા સામે આવ્યા છે.

ગુજરાત રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ સમગ્ર ગુજરાતમાં ફરજીયાત લોકડાઉન કર્યું છે છતાં પદયાત્રા કે બાઈકો લઈને આવેલા લોકોનો શામળાજી બોર્ડર પર રાજસ્થાનના લોકોનો મેળાવડો જોવા મળ્યો હતો. ત્યારે આ રીતે લોકો નિકળી પડ્યા છે ત્યારે પોલીસની ઢીલી નિતિ સામે આવી છે. જો કે બીજી બાજુ પોલીસની સરાહનીય કામગીરી પણ જોવા મળી હતી. જેમાં બોર્ડર પર એક કેન્સરયુક્ત વ્યક્તિને પોલીસે મદદ કરી હતી. બીજી બાજુ રાજસ્થાન પોલીસ આ લોકોને રાજસ્થાનમાં પ્રવેશ આપતી ન હોવાનું પણ સામે આવ્યું હતું.

કોરોના વાયરસની મહામારી ના પગલે ગત રાત્રીના ૧૨ વાગ્યાથી સમગ્ર ગુજરાતમાં પ્રાઈવેટ છકડા, રીક્ષા,ઈકો કાર જીપો, ટ્રાવેલ્સ બસો ખાનગી વાહનો પર પ્રતિબંધ મૂક્યો છે. જેનું મુખ્ય તાત્પર્ય એ છે કે લોકો પોતાના ઘરમાં જ રહે અને બહાર ન નિકળે ત્યારે અમદાવાદ અને ગુજરાતના અન્ય વિસ્તારમાં રહેતા રાજસ્થાનના તેમજ મેઘરજ પંથકના લોકો પોતાના વતનમાં મોટર સાયકલો,ખાનગી વાહનો અને પગપાળા પણ પસાર થઈ રહ્યા છે. ત્યારે પોલીસ દ્વારા રોકવામાં આવતા અરવલ્લી જિલ્લાના શામળાજી - રતનપુરમાં રાજસ્થાન સરહદે લોકોના મોટા મેળવડા થઈ ગયા છે. રાજસ્થાન પોલીસ ગુજરાતમાંથી આવતા મુસાફરોને રાજસ્થાનમાં દાખલ ન થવા દેવાના કિસ્સાઓ મંગળવારના રોજ સામે આવ્યા હતા. બીજી બાજુ બોર્ડર ઉપર લક્ઝરી બસો પ્રાઈવેટ વાહનો નાના વ્હિકલોની લાઈન લાગી ગઈ છે. અમદાવાદથી ડુંગરપુરના લોકો રાત્રે હિંમતનગર, ચિલોડાથી પગપાળા આવી રહ્યા હતા જેઓની સાથે નાના છોકરા પણ ચાલતા નજરે પડી રહેલ છે. બીજી બાજુ મોડાસાથી મેઘરજ તરફના માર્ગો ઉપર પણ કેટલાય લોકો પદયાત્રા કરતા નજરે ચઢ્યા હતા. જેમાંથી એક વ્યક્તિની પુછપરછ કરતાં તે અમદાવાદથી આવ્યો હતો. જયારે કઈ રીતે અમદાવાદથી મોડાસા આવ્યો તેની જાણકારી લેતાં તેણે જણાવ્યું હતું કે છુટા છવાયા વાહનો તેમજ વાહન ન મળે તો પગે ચાલીને મોડાસા પહોંચ્યા છીએ. હવે મેઘરજ તરફ ચાલવા માંડ્યું છે.

સાબરકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય માંડલિક દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન મજરા થી રાજેન્દ્રનગર સુધીના હાઈવે પર રાજસ્થાનના શ્રમિકો પગપાળા રાજસ્થાન તરફ પ્રયાણ કરતા ઠેર ઠેર જોવા મળતા સ્થિતિને પારખી તમામ શ્રમિકો માટે

નાસ્તા,પાણીની વ્યવસ્થા કરવાની સાથે શ્રમિકો કોરોનાથી સંક્રમિત ના થાય તેની તકેદારી રાખી તેમના વતન તરફ જતા વાહનો ઉભા રખાવી ૪ થી વધુ લોકો વાહનમાં ન બેસે તેની તકેદારી રાખી માનવતાની મિશાલ પુરી પાડી હતી

### વિછીયામાં પોલીસ પરિવાર અને સ્થાનિક અગ્રણીઓના હસ્તે

# શાકભાજીઓ વેચતા વેપારીઓ તેમજ આંબેડકર નગરમાં માસ્ક નુ વિતરણ




વિશ્વભરમાં હાલ માં કોરોના વાયરસ અને વૈશ્વિક મારામારી વચ્ચે વિછીયા પી એસ આઇ એમ જે પરમાર, એલ.આઈ.બી જમાદાર જયંતિ ભાઈ બાવળીયા, પાંચાળ વિકાસ બોર્ડ પ્રમુખ વિનોદભાઈ વાલાણી,વીંછિયા શહેર ભાજપ પ્રમુખ અરવિંદભાઈ રાજપરા, જીલ્લા કોળી સમાજ ઉપપ્રમુખ દેવાભાઈ રાજપરા,ભનાભાઈ બાવળીયાૌ઼ા આર્ટિસ્ટ વિનોદભાઈ મેર વગેરે આગેવાનોની હાજરીમા વિછીયા શાકભાજી વેચતા વેપારી થડાવાળાઓને હાલમાં કોરોના વાયરસ અને સંક્રમણ એક વ્યક્તિમાં બીજા વ્યક્તિને ન થાય તે માટે માર્ગદર્શન અપાયું હતું માસ્ક તેમજ હેન્ડ બ્લોઝનું આ તકે વિતરણ કર્યું હતું, વિછીયા પોલીસ સ્ટેશનમાં સરાહનીય કામગીરી કરનાર પી એસ આઈ એમ જે પરમાર ના માર્ગદર્શન હેઠળ વિછીયા તાલુકાના દરેક ગામોમાં સલામતીના ભાગરૂપે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી હતી તેમજ × પોલીસ એ પ્રજાના મિત્ર છે × એ ઉક્તિને ખરેખર વિછીયા પોલીસ પરિવારે સાર્થક કરી હતી અને કોરોના વાઈરસને કારણે સરકારશ્રીના કાયદાનું પાલન કરવા ઘરની બહાર ન નીકળવા સૌને અપીલ કરી હતી, અને કાયદાનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે આકરા પગલાં લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું,આ તકે ઉલ્લેખનીય છે કે લોકસેવાની મૂડી અને પાંચાળના જનસેવક વિનોદભાઈ વાલાણીએ વિંછીયા ગામમાં આબાલવૃદ્ધો અને વિધવાઓને પોતે રૂબરૂ ઘેર-ઘેર જઈ ૨૦૦૦ માસ્કનું વિનામૂલ્યે વિતરણ કર્યું હતું અને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી અદા કરી હતી આ તકે સમાજના વિવિધ ક્ષેત્રના આગેવાનો હાજર રહ્યા હતા

### ૨૪ કલાકમાં વધુ પાંચ કેસ પોઝિટિવ,અમદાવાદમાં સૌથી વધુ ૧૪

# રાજ્યમાં કોરોનાનો વધતો ભયઃ કુલ ૩૮ કેસ,૨૦,૦૦૦ થી વધુ ક્વોરન્ટાઈન

*ગાંધીનગર,તા.૨૫*

ગુજરાતમાં કોરોનાનો કેર યથાવત છે. કોરોનાની સ્થિતિ મુદ્દે આરોગ્ય અગ્ર સચિવ જંયતિ રવીએ આજે પત્રકારોને જણાવ્યું હતું કે, રાજયમાં કુલ ૩૮ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. જેમાં ત્રણ સ્થાનિક દર્દીઓ છે. જેમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં છે. અમદાવાદમાં કુલ ૧૪ પોઝિટિવ કેસ અત્યારસુધીમાં નોંધાયા છે. સુરત અને વડોદરામાં ૭-૭, ગાંધીનગરમાં છ અને રાજકોટમાં ૩ તથા કચ્છમાં ૧ પોઝિટિવ કેસ નોંધાયો છે. જયારે ૧૫ હજાર ૪૬૮ વિદેશી સહિત ૧ કરોડથી વધુ લોકોનો સર્વે કર્યો છે, જેમાંથી ૫૦માં શંકાસ્પદ લક્ષણો જોવા મળતા સારવાર માટે મોકલાયા.

સાબરકાંઠાના ઇડરના વેરાવળ ગામમાં મુંબઈથી આવેલા પરિવારે સરકારના નિયમોનો ભંગ કર્યો હતો. સરકારના ધારાધોરણ મુજબ આઇસોલેટેડ ન થતાં ફરિયાદ નોંધવામાં આવી છે. ઇડર પોલીસે ૧૪ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.ુજરાતમાં ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવના પાંચ કેસ સામે આવ્યા છે. રાજકોટમાં બે કેસ થયા છે જેમાં ૩૬ વર્ષના પુરૂષનો સમાવેશ થાય છે જે દુબઈથી પરત ફર્યો હતો જયારે ૭૫ વર્ષના એક શખ્સને પણ કોરોના પોઝિટિવ આવ્યો છે. રાજકોટમાં વૃદ્ધને લોકલ ટ્રાન્સમિશનથી ચેપ લાગ્યો હોવાનું જણાયું છે. અમદાવાદમાં ૩૧ વર્ષની મહિલાને કોરોના પોઝિટિવ આવ્યો છે જે તાજેતરમાં દુબઈ ગઈ હોવાનું ખુલ્યું છે.આરોગ્ય સચિવે જણાવ્યું કે, કોરોટાઈનનો ભંગ થયો છે તેવા ૧૪૭ વ્યક્તિઓ સામે ફરિયાદ કરાઈ છે. ગુજરાતમાં ૧ કરોડ ૭ લાખનો સરવે પૂરો કરવામાં આવ્યો છે. કેટલાક લોકોનું ટેલિફોનિક સર્વે પણ કરવામાં આવ્યો છે. હેલ્પલાઈન નંબર ૧૦૪માં ૧૫૦૦૦થી વધુ કોલ દરરોજ મળે છે.તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદમાં ૧૨૦૦ બેડ, સુરતમાં ૫૦૦ બેડ અને વડોદરા-રાજકોટમાં ૨૫૦ બેડની હોસ્પિટલ ઊભી કરવામાં આવશે.આગળ વાત કરી કે, ૪૩૦ લોકો સરકારી ક્વોરોન્ટાઈન, ૩૮ લોકો પ્રાઈવેટ ક્વોરોન્ટાઈનમાં તેમજ ૨૦૨૨૦ લોકો હોમ ક્વોરોન્ટાઈનમાં છે. ૧૪૭ લોકો સામે ક્વોરોન્ટાઈન ભંગની ફરિયાદ પણ દાખલ થઈ છે. એક કરોડ ૭ લાખ ૬૨ હજાર લોકોનો સર્વે કરવામાં આવ્યો હતો. ૧૫૪૬૮ વિદેશથી આવેલા લોકોની વિગત સામે આવી ચૂકી છે.

જયંતિ રવિએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી રાહત ફંડમાં કોરોના માટે એક ફંડ જાહેર કર્યું છે. તેમાં અનેક લોકોએ ફંડ આપવાની પણ તૈયારી દર્શાવી છે. ઉદાર હાથે લોકો સહાય કરે એવી મારી અપીલ છે. કોરોનાના સંક્રમણની ચેન તોડવા ૨૧ દિવસ લોકડાઉન કરવામાં આવ્યું છે જેમાં રાજયનો પુરો સાથ સહકાર છે. સર્વેલન્સ અને ટ્રેકિંગની કામગીરી કરવા નિર્દેશ કરવામાં આવ્યો છે.એપ્રિલથી લગ્નગાળો શરૂ થઈ રહ્યો છે. પરંતુ આ દિવસોમાં જે પણ પરિવારે કોઈના લગ્ન લીધા હશે તેઓને ઘણી મુશ્કેલી પડી શકે છે. કારણ કે, લગ્ન માટેની ખરીદી પણ કરવી શક્ય થાય તેમ નથી.

# પાલનપુર શહેરમાં પોલીસ દ્વારા ગાડીઓ ડીટેઈન કરવાની કાર્યવાહી હાથ ધરાઈ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ગુજરાતમાં ૨૧ દિવસનું લોક ડાઉન જાહેર કરવામાં આવતા બનાસકાંઠાના પાલનપુર શહૈરમાં જિલ્લા પોલીસ વડા દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ છે.અને બિનજરૂરી ફરતા વાહન ચાલકોના વાહન ડીટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

ગુજરાતમાં કોરોના વાયરસના ૩૯ કેસ પોજીટીવ નોંધાતા સરકાર દ્વારા સમગ્ર ગુજરાતને ૨૧ દિવસ લોક ડાઉન કરવામાં આવ્યુ છે.તેમજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લોકોને ૨૧ દિવસ સુધી બિન જરૂરી ઘરની બહાર ન નિકળવા અપીલ કરી છે.જેના પગલે બનાસકાંઠાના પાલનપુર શહેરમાં પોલીસ દ્વારા સઘન ચેકીગ હાથ ધરવામાં આવ્યુ છે.આ અંગે જિલ્લા પોલીસ વડા તરૂણ દૂગ્ગલએ જણાવ્યુ હતુ કે ગત રાત્રીથી સમગ્ર ગુજરાતને ૨૧ દિવસ માટે લોક ડાઉન કરવામાં આવ્યુ છે.જેના પગલે પોલીસ દ્વારા સઘન ચેકીંગ ચાલી રહ્યુ છે.અને બિન જરૂરી ફરતા વ્યક્તિઓના વાહનો ડીટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ હાથ ધરવામાં આવી રહી છે.

# ડીજીપી શીવાનંદ જા ની આજે પ્રેસ કોન્ફરન્સ રાત્રે ૯ વાગે

ગુજરાતમાં કોરોના વઈરસના દર્દી ની સંખ્યા વધતા અમદાવાદમાં લોકડાઉનો પીરયડ વધારવાની વિચારણા ગુજરાતની બર્ડોરો પણ સીલ કરવામાં આવીઅત્યારે ગામ માં રખડતા ૪૫ જણા ની અટકાયત.આ ધરપકડ એપિડેમીક ડિઝીઝ એકટ ૧૯૮૭ ના કાયદા અંતર્ગત છે, જે જામીનપાત્ર નથી અને ૫ વર્ષ ની સજા નું પ્રાવધાન છે.ઘરે બેસો, નહિતર જેલમા બેસવાનો વારો છે, બધા ગ્રુપ માં ફોરવર્ડ કરો અને પોતાના ઓળખીતાને આ ગુના માથી બચાવો.

## સેવા સન્માન ને સમર્પિત વંદના એટલે નવરાત્રી અનુષ્ઠાન

**આજે પોલીસ કર્મીઓ, આરોગ્ય કર્મીઓ તથા સફાઈ કર્મીઓ ની વંદના વર્તમાન અનુષ્ઠાન કહી શકાય છે. આજની ભયંકર મહામારી માં એમની સેવા વંદનીય છે. અનુષ્ઠાન નું પહેલું પુષ્પ ડૉક્ટર, અન્ય આરોગ્ય કર્મીઓ ની સેવા ને અર્પિત કરીયે. જયારે આજે એક બીજા ને હાથ મિલાવવાથી પણડર છે ત્યારે આપણા સૌ વતી એમની સેવા શ્રેષ્ઠ અનુષ્ઠાન છે. દ્વિતીય વંદના ગુજરાત પોલીસ ની કરીશકાય સદૈવ આપણી સેવા માં કાર્યરત તમામ સેવા યજ્ઞ ના આચાર્યો જેવો ની અનુષ્ઠાન વંદના કહી શકાય. સફાઈ કર્મીઓ, ફાયર બ્રિગેડ, તેમજ અન્ય તમામ ને આજના સમયમાં તેમની ધીરજ, નીડરતા, સેવા માટે અનુષ્ઠાનિય વંદના કરવી રહી..**

### મોડાસા રૂરલ પોલીસનો કોરોના સામે જંગ

# કિરાણા સ્ટોરે ધારકોને ૧ મીટર અંતર જાળવવા તાકીદ કરી

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસને પગલે કેન્દ્ર સરકારે આખા દેશમાં મધ્યરાત્રીથી લૉકડાઉનની જાહેરાત કરી છે. લોકો લૉકડાઉનનો કડક અમલ કરે તે માટે તંત્ર ખૂબ પ્રયાસ કરી રહ્યું છે.અરવલ્લી જીલ્લામાં અનેક જગ્યાએ લોકો લૉકડાઉનનું સમર્થન કરતા જોવા મળ્યા હતા તો અમુક જગ્યા પર લોકો પોલીસ સાથે ઘર્ષણમાં ઉતાર્યા હતા મોડાસા રૂરલ પોલીસે તેમના વિસ્તારમાં આવતા કિરાણા સ્ટોર્સમાં ખરીદી કરવા આવતા ગ્રાહકો વચ્ચે ૧ મીટરનું અંતર જળવાય તેની તાકીદ કરી અમલવારી કરાવી હતી જાહેરસ્થળોએ રાખેલા બાંકડા પણ ઉંધા વાળી દઈ લોકડાઉનની ચુસ્ત અમલવારી કરાવવા મથામણ કરી રહી છે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રો.ડીવાયએસપી ઈશ્વર પરમારે પોલીસવડા મયુર પાટિલના માર્ગદર્શન હેઠળ રૂરલ પોલીસ




સ્ટેશન હદ વિસ્તારમાં આવતા કિરાણા સ્ટોર અને ડેરી પાર્લર પર ખરીદી કરવા એકઠી થતી ભીડમાં કોરોના પ્રસરતો અટકાવવા કિરાણા સ્ટોર અને ડેરી પાર્લર માલિકો સાથે ચર્ચા કરી દુકાનમાં ખરીદી કરવા આવતા ગ્રાહકો વચ્ચે ૧ મીટર અંતર જળવાય તેવી સુવિધા ઉભી કરવા ફરજીયાત પણે અમલ કરવાની તાકીદ કરતા કિરાણા સ્ટોર્સ અને ડેરી પાર્લરના માલિકોએ પોલીસતંત્રને સહયોગ આપી એક-એક મીટરનું ગ્રાહકો વચ્ચે અંતર રહે તેવી વ્યવસ્થા ઉભી કરી હતી

અરવલ્લી જીલ્લામાં કલમ-૧૪૪ લાગુ છે અને લોકડાઉન પણ અમલમાં હોવા છતાં મોડાસા શહેર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં લોકો સરેઆમ ભંગ કરી રહ્યા છે મોડાસા શહેર સહીત આજુબાજુના વિસ્તારમાં જાહેર સ્થળોએ અને પોલીસતંત્રની નજર ન પહોંચે તેવા વિસ્તારોમાં લોકો એકઠા થઈને ગપ્પા મારતા હોય છે. દરેક વિસ્તારોમાં જે તે કાઉન્સિલરો કે કોર્પોરેશન કે પછી ધારાસભ્ય,સાંસદ સભ્ય તરફથી બાકડા મૂકવામાં આવ્યા છે. સાંજના અને રાત્રીના સુમારે કેટલાક લોકો બાકડા પર બેસવા માટે એકઠા થતા હોય છે અને બોકડાઓ પર અડિંગો જમાવી પારકી પંચાયત કરતા હોવાનું મોડાસા રૂરલ પોલીસને ધ્યાને આવતા તેમના વિસ્તારના તમામ બાંકડાઓને જ ઉંધા કરી દીધા છે

# ઈડર પોલીસની સરાહનીય કામગીરી




ઈડર પોલીસ સ્ટેશન દ્વારા સોશિયલ મીડિયા દ્વારા લોકોને જાણ કરવામાં આવી હતી કે× જરા પણ ગભરાશો નહીં× કોરોના વાયરસ ના પગલે જરૂરિયાત મંદ ને જમવાથી માંડીને દવાખાના સુધીની કોઈપણ તકલીફ હોય તો ઈડર પોલીસ નો સમ્પર્ક કરવો.

ઈડર પોલીસ દ્વારા પોતાની આ પહેલ ને લઈને તમામ ચાલતા જતા લોકોને જાતે પીરસીને જમવાડવામાં આવ્યા હતા.તેમજ સમગ્ર ઈડર શહેર માં ગાડીમાં જમવાનું લઇ ને જ્યાં ભૂખ્યા લોકો જોવા મળ્યા હતા તેવા લોકોને ભોજન આપ્યું હતું.ઈડર પોલીસ ની પહેલ ને બિરદાવી ઈડર તાલુકાના મીડિયા ગ્રુપ ના પત્રકારો પણ આ મુહિમ માં જોડાઈ પોતાનું યોગદાન આપ્યું હતું. અને પોલીસ ની સાથે સેવામાં લાગ્યા હતા.આ સેવા દરમિયાન લોકોને કોરોના વાયરસ થી ગભરાયા વીના પોતાનું ધ્યાન રાખવું અને સાથે સાથે એકબીજા વચ્ચે અંતર રાખી લોકોને હાથની થોડી થોડી વારે સફાઈ રાખવાની સમજણ પણ અપાઈ હતી.તેમજ કોઈને પણ કોઈપણ જાત ની તકલીફ પડે તો ઈડર પી.આઈ.પી.એલ.વાઘેલા મો.નં.૯૧૦૬૦૦૯૯૭૬ અને ઈડર પોલીસ સ્ટેશન ફોન નં.૦૨૭૭૮-૨૫૦૦૨૪ પર ફોન કરવા જાણ કરાઈ હતી.તેમજ પત્રકાર મિત્રો એ પણ પોતાની ફરજ નિભાવી ખડે પગે સેવાઓ આપી હતી.

રીપોર્ટ : કુલદીપ ભાટીયા (સાબરકાંઠા)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.